**આજનો સુવિચાર**

તમારી કુશળતા પર લોકો ત્યાં સુધી ભરોસો નહીં કરે જ્યાં સુધી તમે સફળ નહીં બનો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪૬ જૂનાગઢ તા.૭-૬-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 146, Junagadh : Date : 7 Jun, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## વાવાઝોડું પોરબંદરથી ૧૦૬૦ કી.મી. દુર : તૌકતે કરતા પણ વધુ શકિતશાળી બનવાની ચેતવણી :હાઈએલર્ટ



અમદાવાદ તા. ૭
ગુજરાત ઉપર બિપોરજોય વાવાઝોડાનો ખતરો સતત વધી રહયો છે. આગામી ૨૪ કલાકમાં ચક્રવાત વાવાઝોડુ બિપોરજોય તીવ્ર બનશે. હાલ વાવાઝોડુ દક્ષિણ-પશ્ચિમ તરફ આગળ વધી રહ્યુ છે અને હાલ પોરબંદરથી ૧૦૬૦ કિમી દૂર છે.

ગુજરાતના બંદરો ઉપર ર નંબરનું સિગ્નલ લગાવાયું છે આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ ઉપરોકત વાવાઝોડું અગાઉ આવેલા તૌકતે વાવાઝોડા કરતા પણ વધુ શકિતશાળી બનવાની ચેતવણી જારી કરવામાં આવી છે અને તંત્રને હાઈએલર્ટ કરવામાં આવ્યું છે.

રાજયના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રમાં દક્ષિણ પશ્ચિમ તરફ બિપોરજોય વાવાઝોડું આગળ વધી રહ્યું છે. આગામી ૨૪ કલાકમાં વાવાઝોડાનું જોર વધશે. આગામી ૧૧ જૂન સુધીમાં વાવાઝોડાની ગતિ ૧૪૦ કિમી થાય તેવી શકયતા છે. ગુજરાતમાં વાવાઝોડુ ટકરાય તેવા સંકેત છે. તેસાથેજ દરિયાકિનારા વિસ્તારમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

માછીમારોને દરિયોન ખેડવા સૂચના આપવામાં આવી છે. ગુજરાતનાં દરિયા કિનારાનાં ગામોને વાવાઝોડાની અસર થવાની સંભાવનાં છે. વાવાઝોડાને કારણે રાજયના ઉના, વેરાવળ, માંગરોળ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા તેમજ કચ્છનાં નલિયા સહિતનાં વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગની આગાહી મુજબ અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની શકયતા છે.

## અમેરીકાની સંસદને બીજીવાર સંબોધન કરીને વડાપ્રધાન મોદી ઈતિહાસ સર્જશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૭
વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની અમેરીકા મુલાકાત દરમિયાન આગામી તા.૨૨ જૂને યુએસ સંસદના સંયુકત સત્રને સંબોધિત કરશે. તેઓ ભારતના ભાવિ વિશે તેમના વિચારો શેર કરશે અને બંને દેશો દ્વારા સામનો કરવામાં આવી રહેલા વૈશ્વિક પડકારો પરવાત કરશે. પીએમ મોદીનું બીજું સંબોધન ઐતિહાસિકહશે. બે વખત સંબોધન કરનાર તેઓ પ્રથમ ભારતીય વડાપ્રધાન હશે. વડાપ્રધાન મોદીએ જૂન ૨૦૧૬માં અમેરિકાની મુલાકાતદરમિયાન યુએસ કોંગ્રેસને સંબોધિત કરી હતી. વડાપ્રધાન મોદીએ સંયુકત સત્રને સંબોધિત કરવા માટે મળેલા આમંત્રણ પર આભાર વ્યકત કર્યો છે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને લખ્યું કે આ આમંત્રણ સ્વીકારીને હું સન્માનિત છું.

યુ.એસ કોંગ્રેસની સંયુકત બેઠકમાં વડાપ્રધાન મોદીનું બીજું સંબોધન ઐતિહાસિક છે. બે વખત આવું કરનાર તેઓ પ્રથમ ભારતીય પીએમ હશે. બેન્જામિન નેતન્યાહુ પછી ઈઝરાયેલના પીએમ બીજા ક્રમે છે, જેમણે અમેરીકાની સંસદને સંબોધન કર્યુ છે. ભૂતપૂર્વ બ્રિટિશ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ પ્રમુખ નેલ્સન મંડેલા એવા કેટલાક વિશ્વ નેતાઓમાં સામેલ છે, જેમને યુએસ સંસદને બે વાર સંબોધન કરવાનું સન્માન મળ્યું છે.

## અદાણી ફરી એકવાર એશિયાનાં સૌથી ધનિક વ્યકિત બન્યા

નવી દિલ્હી તા.૭: અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી ફરી એકવાર એશિયાના બીજા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. અદાણીએ ચીનના અબજોપતિ ઝોંગ શાનશાનને પાછળ છોડીને આ દરજ્જો પાછો મેળવ્યો છે. આ સ્ટેટસ એક દિવસ પહેલા અદાણી પાસેથી છીનવી લેવામાં આવ્યું હતું. ગૌતમ અદાણી હવે $ ૬૧.૮ બિલિયનની કુલ સંપત્તિ સાથે ૧૮મા ક્રમે છે અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં ઝોંગ શાનશાન $ ૬૧.૬ બિલિયન સાથે ૧૯મા ક્રમે છે. મુકેશ અંબાણી હજુ પણ $૮૫.૨ બિલિયનની નેટવર્થ સાથે એશિયાના સૌથી ધનિક વ્યક્તિ છે. વિશ્વના અમીરોની યાદીમાં અંબાણી ૧૩મા સ્થાને છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં અમેરિકન અબજોપતિઓનું વર્ચસ્વ ચાલુછે. બર્નાર્ડ આર્નોલ્ટ $૧૮૭ બિલિયનની નેટવર્થ સાથે બીજા સ્થાને એકમાત્ર બિન-અમેરિકન છે. આર્નોલ્ટ ફ્રાન્સના છે. ટોપ-૧૦મા બાકીના ૯ અબજોપતિ અમેરિકાના છે, જેમાં ઈલોન મસ્ક $૨૦૫ બિલિયનની નેટવર્થ સાથે પ્રથમ સ્થાને છે.

## અમેરીકાનાં વર્જીનીયામાં ગોળીબાર : બેનાં મોત

વોશીંગ્ટન તા. ૭
અમેરિકાના વર્જિનિયા પ્રાંતના રિચમંડમાં વર્જીનિયા કોમનવેલ્થ યુનિવર્સિટી નજીક ગોળીબારની ઘટના બની છે. રિપોર્ટ્સ અનુસાર, વર્જિનિયા કોમનવેલ્થ યુનિવર્સિટી પાસે હાઈસ્કૂલમાંઉજવણી બાદ થયેલા ગોળીબારમાં બે લોકોના મોત થયા છે અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. એક-બે ઘાયલોની હાલત ગંભીર હોવાનું માહિતી મળી છે.

રિચમંડ પોલીસના વડાએ મીડિયાને જણાવ્યું કે ગોળીબાર બાદ બે શકમંદોને કસ્ટડીમાં લેવામાંઆવ્યા છે. આ પછી તેમણે પોલીસને જાણ કરી. જોકે હવે લોકોને કોઈ ખતરો નથી. કસ્ટડીમાં લેવામાં આવેલા શકમંદોની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

## આંદોલનકારી મહિલા કુસ્તીબાજો સાથે ચર્ચા કરવા કેન્દ્ર સરકાર તૈયાર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૭
કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુરે ફરી એકવાર વિરોધ કરી રહેલા કુસ્તીબાજોને વાતચીત માટે આમંત્રણ આપ્યું છે. તેમણે કહ્યું કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ સામે મહિલા કુશ્તીબાજો દ્વારા લગાવવામાં આવેલા જાતીય સતામણીના આરોપોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે. બીજી તરફ, બ્રિજભૂષણ શરણ સિંહ પર લાગેલા યૌન ઉત્પીડનના આરોપોની તપાસના સંદર્ભમાં, તેમના સાથીદારો અને ઉત્તર પ્રદેશના ગોંડા સ્થિત તેમના ઘરે કામ કરતા લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે.

વિરોધ કરી રહેલા કુસ્તીબાજોમાં સાક્ષી અને બજરંગે ૩ જૂનની રાત્રે ગૃહમંત્રી અમિત શાહ સાથે લાંબી મુલાકાત કરી હતી. ત્યારબાદ અમુક કુશ્તીબાજોએ તેમની સરકારી નોકરીમાં જોડાવાની જાહેરાત કરી હતી. આ બેઠક બાદ અનુરાગ ઠાકુરનુંનિવેદન આવ્યું છે. જોકેઆ પહેલા પણ અનુરાગ ઠાકુર વિરોધ કરી રહેલા રેસલર્સને મળી ચૂક્યા છે. તેમણે ટ્વિટ કર્યું, "સરકાર કુશ્તીબાજોસાથે તેમના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે તૈયાર છે. મેં આ માટે ફરી એકવાર કુસ્તીબાજોને આમંત્રણ આપ્યું છે."

જ્યારે બ્રિજભૂષણ શરણ સિંહની ધરપકડની માંગ કરી રહેલા કુસ્તીબાજોના વિરોધ અંગે પૂછવામાં આવ્યું ત્યારે મંત્રીએ કહ્યું કે તેઓ પહેલેથી જ કહી ચૂક્યા છે કે ખેલ અને ખેલાડી સરકારની પ્રાથમિકતા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, “સરકારે પહેલાથી જ એક સમિતિની રચના કરી છે. પોલીસ એફઆઈઆર નોંધીને મામલાની તપાસ કરી રહી છે. ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવશે અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે."

## રાજસ્થાન કોંગ્રેસમાં ઉકળતો ચરૂ : પાયલોટ નવાજૂની કરવાનાં મૂડમાં

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૭
કોંગ્રેસ નેતા સચિન પાયલટના આગામી પગલા અંગે અટકળોએ જોર પકડ્યું છે. દરમિયાન તેમની નજીકના સૂત્રોએ જણાવ્યું કે તેઓ તેમની માંગણીઓ પર અડગ છે અને પાર્ટી હાઈકમાન્ડના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે. જોકે, તેમનો પક્ષ છોડવાનો કે તોડવાનો કોઈ ઈરાદો નથી. એટલે કે પાયલોટનું રાજકીય ભવિષ્ય હાઈકમાન્ડના નિર્ણય પર નિર્ભર રહેશે અને આગામી વિધાનસભા ચૂંટણીમાં તેમની ભૂમિકા પણ નક્કી કરશે.

ઉલ્લેખનીય કે પાયલટે ગત ભાજપ સરકાર વિરુદ્ધ મોરચો ખોલ્યો છે. તેમણે વસુંધરા સરકાર દરમિયાન થયેલા કથિત ભ્રષ્ટાચાર સામે પગલાં લેવાની માંગ કરી છે. જેને લઈને તેઓ વિરોધ કરવા માટે એકદિવસના મૌન ઉપવાસપર બેઠા હતા. પાયલટના ધરણાને કારણે અશોક ગેહલોત સરકાર શંકાના દાયરામાં આવી ગઈ હતી. જોકે, બાદમાં પાર્ટી હાઈકમાન્ડે દિલ્હીમાં બંને નેતાઓ સાથે બેઠકયોજી હતી અને સમાધાનનો દાવો કર્યો હતો.

તાજેતરમાં, કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાઈલટ નવી પાર્ટીની રચનાનીજાહેરાત કરી શકેછે. તેમની નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે તેઓ તેમની માંગણીઓ પર અડગ છે અને ઈચ્છે છે કે અશોક ગેહલોત સરકાર અગાઉના ભાજપના શાસન દરમિયાન કથિત ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી કરે અને સરકારી ભરતી પરીક્ષાઓ સંબંધિત પેપર લીક જેવી બાબતો પર ગંભીર પગલાં લે.

## ભારતની ડીઝીટલ અર્થવ્યવસ્થા ૧ લાખ કરોડનાં આંકને વટાવી જશે

નવી દિલ્હી તા.૭ : ભારત ડીઝીટલ ક્ષેત્રે છલાંગ લગાવી રહ્યું છે.અને આવતા સાત વર્ષમાં ૨૦૩૦ સુધીમાં ડીજીટલ અર્થ વ્યવસ્થા ૬ ગણી વધીન એક ટ્રીલીયન ડોલર અર્થાત એક લાખ કરોડ પર પહોંચવાનો રીપોર્ટ જારી થયો છે. ઈ-કોમર્સ ક્ષેત્રે તેમાં મોખરે રહેશે. ગુગલ, ટેક્ષાસેક તથા બ્રેન એન્ડ કંપની દ્વારા તૈયાર કરાયેલા સંયુકત રીપોર્ટ પ્રમાણે ટાયર-ટુ શહેરોમાં ઈન્ટરનેટ કનેકટીવીટીમાં ખુબ ઝડપથી વધારો થશે.

કન્ઝયુમર તથા બિઝનેસ ક્ષેત્રનાં સતત વિકાસથી ૨૦૩૦ સુધીમાં ડીજીટલ ઈકોનોમીને ૧ લાખ કરોડ ડોલર પર પહોંચાડવાનું શક્ય બનશે.

બાલાસોરની ટ્રેન દુર્ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં

## મધ્યપ્રદેશનાં જબલપુર વિભાગમાં એકજ દિવસે બે માલગાડી પાટા પરથી ખડી પડી

જબલપુર તા. ૭
ઓરીસ્સાના બાલાસોરમાં ટ્રેન દુર્ઘટના સર્જાયા બાદ હવે મધ્યપ્રદેશના જબલપુર રેલવે વિભાગમાં વધુ બે ટ્રેન દુર્ઘટનાઓ સર્જાઈ હતી. ૬ જૂનની રાતે લગભગ ૭ વાગ્યે ૩૦ મિનિટ પર રેલવે યાર્ડમાં એક માલગાડીના બે ડબા પાટા પરથી ખડી પડ્યા હતા.

આ ઘટનાના ઠીક ચાર કલાક બાદ એટલે કે રાત્રે ૧૦.૩૦ કલાકે ભેડાઘાટની નજીક ભિટોનીમાં ગેસથી ભરેલી માલગાડીનું વેગન પાટા પરથી ઊતરી ગયું હતું. એક દિવસમાં બે મોટી રેલવે દુર્ઘટનાઓ બાદ રેલવે વિભાગમાં ફરી હડકંપ મચી ગઈ હતી. દુર્ઘટના બાદ અધિકારીઓ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જોકે માહિતી અનુસાર બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી.

## મણિપુર હિંસાને મામલે કુકી આદિવાસીઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનાં નિવાસ્થાને ધરણા શરૂ કરતા દોડધામ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૭
મણીપુરમાં છેલ્લા એક મહિનાથી સતત હિંસા-તોફાનોના ઘટનાક્રમ વચ્ચે આજે આદિવાસીઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહના નિવાસે ધરણાકરતા સુરક્ષાતંત્રામાં દોડધામ મચી ગઈ હતી. દિલ્હી પોલીસના સુત્રોએ જણાવ્યું હતું કે મણીપુરનાં કુકી આદિવાસીનાં લોકો આજે સવારે એકાએક ગૃહમંત્રી અમીત શાહના નિવાસસ્થાને એકત્રીત થઈ ગયા હતા અને ધરણા શરૂ કર્યા હતા. અમિત શાહ તેઓ સાથે બેઠક કરે તેવી માંગ કરી હતી. પોલીસ દ્વારા ગૃહમંત્રીનાં નિવાસસ્થાન નજીક સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો હતો. સુત્રોએ કહ્યું કે ધરણા કરતા મણીપુરનાં કુકી આદિવાસીઓનાં પ્રતિનિધિઓને મળવા અમીત શાહે મંજુરી આપી હતી. એટલે મામલો થોડો હળવો થયો હતો.. મણીપુરમાં એકાદ મહિનાથી હિંસાની આગમાં હોમાયુ છે અને તેમાં કુકી આદિવાસીઓ વિસ્થાપિતની દશામાં આવી ગયા છે.કેટલાક દિવસોથી તેઓ જંતરમંતર પર પ્રદર્શન કરતા હતા

છતા સરકારે કોઈ પ્રતિભાવ ન આપતા આજે અમીત શાહના નિવાસે પહોંચીને ધરણા શરૂ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તે હિંસામાં હોમાયેલા મણીપુરના હાલતને નિયંત્રણમાં લેવા કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહે ત્રણ દિવસ રાજયમાં કેમ્પ કર્યો હતો પરંતુ તેમની વિદાય સાથે જ ફરી તોફાનો થયા છે.

## એશિયા કપ રદ થઈ જશે : ચાર દેશો વચ્ચે ભારત વન-ડે શ્રેણી રમાડશે

નવીદિલ્હી, તા.૭
પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન નઝમ સેઠી પાસે હવે એશિયા કપમાંથી બહાર થવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો હોય તેવું લાગી રહ્યું નથી. ત્રણ પાડોશી ક્રિકેટ બોર્ડે પીસીબીને આકરો ઝટકો આપ્યો છે. બીસીસીઆઈ પહેલાંથી જ વન-ડે એશિયા કપને તટસ્થસ્થળે રમાડવા જોર આપી રહ્યું છે પરંતુ પીસીબી તેના માટે તૈયાર ન્હોતું.

હવે બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડે પણ પીસીબીના હાઈબ્રિડ મોડેલને નામંજૂર કર્યું છે. પીસીબી ચેરમેન સેઠીએ વારંવાર કહ્યું છે કે, જો ટૂર્નામેન્ટનું આયોજન પાકિસ્તાનની જગ્યાએ અન્ય સ્થળે થાય છે તો પાકિસ્તાન તેમાં નહીં રમે. હવે અહેવાલો મળી રહ્યા છે કે આ વર્ષના એશિયા કપને રદ કરવામાં આવી શકે છે. આ દરમિયાન બીસીસીઆઈ ભારતમાં મલ્ટી નેશન ટૂર્નામેન્ટ આયોજિત કરી શકે છે.

પીસીબી માત્ર ન્યુટ્રલ વેન્યુ પર એશિયા કપ કરાવવાની જિદ પકડીને બેઠું છે. અહેવાલો પ્રમાણે આ વર્ષે એશિયા કપ સંપૂર્ણ રદ કરવામાં આવી શકે છે અને તેની જગ્યાએ ભારત, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન વર્લ્ડકપ પહેલાં ૫૦ ઓવરના ફોર્મેટમાં એક મલ્ટી નેશનલ ટૂર્નામેન્ટ રમી શકે છે.

ભારત એશિયા કપ નહીં રમાવાની સ્થિતિમાં એ સમયે ઘરમાં ચાર અથવા પાંચ દેશોની ટૂર્નામેન્ટના આયોજનની તૈયારી કરી રહ્યું છે. આ ટૂર્નામેન્ટને ઑક્ટોબર-નવેમ્બરમાં રમાનારા વર્લ્ડકપની તૈયારીના ભાગરૂપે જોવામાં આવી રહી છે.

## મણિપુરમાં ભડકી ઉઠેલી હિંસાની હોળીમાં વધુ ત્રણ જવાન શહિદ

ઈમ્ફાલ તા. ૭
મણિપુરમાં ફરી હિંસા ભડકી ઉઠી છે, જ્યારે ઉગ્રવાદીઓ સાથે ગોળીબારમાં બીએસએફના એક જવાન અને આસામ રાઈફલના બે મળી કુલ ત્રણ જવાનો શહીદ થયા છે. જાણકારી અનુસાર બીએસએફના શહીદ જવાનનું નામ રંજીત યાદવ છે. મણિપુરમાં અનેક જિલ્લામાં કરફ્યુ વચ્ચે રાત્રે ફરી હિંસા ભડકી ઉઠી હતી. અને ઉગ્રવાદીઓ દ્વારા ગોળીબાર પણ થયો હતો જેમાં ત્રણ જવાનો ઘાયલ થતા હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. હિંસાને ધ્યાનમાં રાખીને સરકારે ઈન્ટરનેટ પર પ્રતિબંધને ૧૦ જૂન સુધી લંબાવી દીધો છે.

સુગનૂ-સેરૌ વિસ્તારમાં પાંચથી છ જૂનની રાત્રે આસામ રાઈફલ, બીએસએફ અને સ્થાનિક પોલીસ દ્વારા મળીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ દરમિયાન સુરક્ષાદળોની જાણકારી મળી જતા ઉગ્રવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જેમાં બીએસએફનો એક જવાન ગંભીર રીતે ઘાયલ થઈ ગયો હતો. અને આસામ રાઈફલના બે જવાનને પણ ગોળી વાગી હતી. ત્રણેય જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. કુકી ઉગ્રવાદીઓ દ્વારા આ ગોળીબાર થયો હોવાના અહેવાલો છે.

## ભારતની અર્થવ્યવસ્થા ૬.૩ ટકાનાં દરે વધશે : વિશ્વ બેંક

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૭ :
વિશ્વ બેંકે ભારતીય અર્થ વ્યવસ્થા આ વર્ષે ૬.૩ ટકાના દરે વધવાનુ અનુમાન વ્યકત કર્યું છે. જે મુખ્ય દેશોમાં સૌથી વધુ છે. આ વિશ્વ બેંકનાં જાન્યુઆરીમાં લગાવવામાં આવેલા ગત અનુમાનથી ૦.૩ ટકા આંકડા ઓછા છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૨ માં ભારતનો આર્થિક વૃધ્ધિ દર ૭.૨ ટકા રહ્યો હતો. વિશ્વ બેંકે જણાવ્યું હતું કે ભારમાં ખાનગી ઉપભોગ અને રોકાણમાં મોટુ વલણ જોવા મળે છે. વિશ્વ બેંક દ્વારા મંગળવારે જાહેર ‘વૈશ્વિક આર્થિક સંભાવના’ રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩ માટે નવુ વૃધ્ધિ અનુમાન જાન્યુઆરીનાં ગત અનુમાનથી થોડુ બહેતર છે.


**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર


**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ


**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



હાર્દિકભાઈ કાચા
મો. ૭૬૯૮૬ ૯૧૩૯૮
ચિંતનભાઈ કાચા
મો. ૯૮૨૫૯ ૭૪૯૬૩
Since 1999

**હાર્દિક ફાસ્ટફૂડ**

Junagadh's Favorite Fast Food Shop
Time : 10:00 am to 11:00 pm
Order Online On SWIGGY
Order Online On ZOMATO
તળાવ દરવાજા, સંકલ્પ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપની સામે, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જૂનાગઢમાં નાળિયેરીની આધુનિક ખેતી પદ્ધતિ, સમસ્યા અને સમાધાન વિષય ઉપર રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો






## કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળના સંયુક્ત ઉપક્રમે આયોજિત સેમિનારમાં ૩૫૦થી વધુ ખેડૂતો સહભાગી થયા

જૂનાગઢ, તા.૭

નાળિયેરીના પાકમાં સફેદ માખીના ઉપદ્રવથી ખેડૂતો પરેશાન જોવા મળી રહ્યા છે. ત્યારે ખેડૂતોની આ મૂંઝવણને ધ્યાનમાં રાખી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ (જૂનાગઢ જોનલ ચેપ્ટર)ના સંયુક્ત ઉપક્રમે નાળિયેરીની આધુનિક ખેતી પદ્ધતિઃ સમસ્યા અને સમાધાન વિષય ઉપર રાજયકક્ષાનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેનો ૩૫૦થી વધુખેડૂતોએ લાભ લીધો હતો.

કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પ્રારંભિક સત્રમાં સંબોધન કરતા કુલપતિ વી.પી. ચોવટીયાએ જણાવ્યું કે, ગ્લોબલ વોર્મિંગના કારણે નાળિયેરીના પાકના ઉત્પાદનને અસર થઈ રહી છે. ખાસ કરીને ફળ ધારણ કરવાની પ્રક્રિયામાં વિક્ષેપ આવી રહ્યા છે. ઉપરાંત સફેદ માખીના ઉપદ્રવના કારણે નળીયેરીના પાકને માઠી અસર પહોંચી છે ત્યારે કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા આ માટે અસરકારક ઉપાયો શોધવામાં આવી રહ્યા છે.

સફેદ માખી નાળિયેરી ઉપરાંત ૨૫ જેટલા પાકોમાં જોવા મળે છે. આ સફેદ માખી પાનની નીચેના ભાગમાં મોટી સંખ્યામાં ઈંડા મૂકે છેઅનેઉપરથી આવરણ કરી લે છે. જેથી દવા વગેરે અસરકારક રીતે કામ કરી શકતી નથી. દેશમાં નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદનમાં કેરળ રાજયમાં થાય છે, પણ ત્યાં કોપરાના તેલ માટે ઉત્પાદનને ધ્યાનમાં રાખવામાં આવે છે. પરંતુ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ત્રોફા તરીકેવધુ ઉત્પાદન લેવામાંઆવે છે. તેમાં પણ ગીર સોમનાથ જિલ્લો નાળિયેરના ઉત્પાદન માટે દેશભરમાં અગ્રેસર છે.

અંતમાં તેમણે આઈ કૃષિ સંહિતા એપ અને એફએમ રેડિયો દ્વારા ખેડૂત કલ્યાણ અને તાજેતરમાં કૃષિ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો-એકમોને મળેલા સન્માનનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળના પ્રમુખ ડો. એ.આર. પાઠકે આ પરિસંવાદની તાતી જરૂરિયાત હોવાનું જણાવતા કહ્યું કે, બાગાયત ખેતી કરતા ખેડૂતોના વૃક્ષો પણ અંગારવાયું એટલે કે કાર્બન ડાયોકસાઈડનું શોષણ કરે છે આમ એક રીતે પર્યાવરણનું રક્ષણ પણ કરે છે. ત્યારે ઉદ્યોગકારોને જેવી રીતે કાર્બન ક્રેડિટ મળે છે, તેવી જ રીતે બાગાયત ખેતી કરતા ખેડૂતોને સહાય મળે તે દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ સાથે તેમણે આ પરીસંવાદ ખેડૂતો માટે લાભદાયી નિવડશે. તેમપણ ઉમેર્યું હતું.

ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળના મંત્રી ડો. કે.જી. મહેતા એ જણાવ્યું કે, ગુજરાતમાં ૨૫ હજાર હેક્ટરમાં નાળિયેરીના પાકનું વાવેતર થઈ રહ્યું છે, ત્યારે નાળિયેરના બજારને વધુ વ્યાપ આપવા પ્રોસેસિંગ અને પ્રીઝર્વેશન ઉપર વધુ ધ્યાન આપવામાં આવે તો સોફ્ટ ડ્રિંક્સને ટક્કર રાખી શકાય તેમ છે. સંશોધન અને વિસ્તરણ નિયામક એચ.એમ. ગાજિપરાએ જણાવ્યું કે, દરિયાઈ પટ્ટીના વિસ્તારમાં નાળિયેરીના બગીચામાં સફેદ બાકીનો ઉપદ્રવ એક જટિલ પ્રશ્ન બની ગયો હતો. ત્યારે સફેદ માખીની સાથે અન્ય રોગોનું નિયંત્રણ નિવારણ માટે કૃષિ યુનિવર્સિટીનો બાયો કન્ટ્રોલ વિભાગ કામ કરી રહ્યો છે. આમ નાળિયેરીના ઉત્પાદનને અસર ન થાય તે માટે તકેદારી લેવામાં આવી રહી છે.

આ પ્રસંગે એપીએમસી-વિસાવદરના ચેરમેન વિનોદભાઈ હપાણીએ પણ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે ભેસાણ તાલુકાના ચુડા ગામના પ્રગતિશીલ ખેડૂત અશોકભાઈ બટુકભાઈ મોવલિયાનું કપાસ પાકમાં આધુનિક ખેતી અપનાવવા માટે સરદાર સ્મૃતિ કેન્દ્ર દ્વારા રજત જયંતિ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને રૂા.૭૫૫૧નો ચેક અને સ્મૃતિચિહ્ન પણ અર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વય નિવૃત્ત થવા જઈ રહેલા કૃષિ યુનિવર્સિટીના સંશોધન અને વિસ્તરણ નિયામક એચ.એમ ગાજીપરાનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીના ડો. એસ.જી. સાવલિયાએ શાબ્દિક સ્વાગત અને કૃષિ ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળના સેક્રેટરી ડો.કલસરિયાએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે નોબલ યુનિવર્સિટીના કુલપતિ ડો. ખેર, બાગાયત વિભાગના ડીન ડો. વરૂ સહિત ગણમાન્ય અતિથિ, કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# માંગરોળના કરમદી ચિંગરીયા, ભેસાણના ખારચીયા અને વંથલીના સેંદરડામાં ફળાવ સહિતના વૃક્ષોનો ઉછેર

## મનરેગા યોજના હેઠળ ગાઢ વનીકરણ: મિંયાવાકી પદ્ધતિથી ત્રણ વર્ષમાં જંગલ તૈયાર થઈ જાય છે



જૂનાગઢ, તા.૭

જૂનાગઢ જિલ્લામાં જાપાની પદ્ધતિથી જંગલ ઉછેર કરવામાં આવી રહ્યો છે. જેમાં મનરેગા યોજના હેઠળ માંગરોળના કરમદી ચિંગરીયા, ભેસાણના ખારચિયા અને વંથલીના સેદરડા ગામમાં ફળાવ, છાયાદાર સહિતના વૃક્ષોનું મિંયાવાકી પદ્ધતિથી ઉછેર કરવામાં આવ્યો છે.

મિયાવાકી એક જંગલ ઉછેર કરવાની પદ્ધતિ છે, જે જાપાની વનસ્પતિ શાસ્ત્રી અકીરા મિયાવાકી દ્વારા પ્રેરિત છે. જે ગાઢ સ્થાનિક જંગલો બનાવવામાં મદદ કરે છે, આ પદ્ધતિથી કરવામાં આવેલ વનીકરણમાં છોડની વૃદ્ધિ ૧૦ ગણી ઝડપી છે. પરિણામે વાવેતર સામાન્ય કરતાં ૩૦ ગણું ઓછું છે. જે વિસ્તારમાં ડઝન જેટલી મૂળ પ્રજાતિઓનું વાવેતર કરે છે અને તે પ્રથમ ત્રણ વર્ષ પછી જાળવણી મુકત બને છે. આ પદ્ધતિ પ્રાકૃતિક, જાળવણી મુક્ત સ્થાનિક વનો બનાવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે. આ પદ્ધતિથી બનાવેલ વનમાં બેથી ત્રણ વર્ષ સુધી જંગલને નિયમિત પાણી આપવાની જરૂરિયાત રહેશે આ પદ્ધતિમાં ભરપૂર માત્રામાં સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવામાં આવેલ હોવાથી ત્રણ વર્ષમાં જંગલ તૈયાર થઈ જાય છે.

આ પદ્ધતિ દ્વારા જૂનાગઢ જિલ્લાનાં તાલુકામાં વનીકરણના કામો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિરાંત પરીખની પ્રેરણાથી મનરેગા યોજના હેઠળ માંગરોળના કરમદી ચિંગરીયા ગામમાં ૩૦-૩૫ ચોરસ મીટરમાં ૨૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, તેવી જ રીતે વંથલીના સેંદરડામાં ૨૦૨૫ ચોરસ મીટરમાં ૫૦૦ અને ભેસાણના ખારચિયામાં ૨૪૫૦ ચોરસ મીટરમાં ૨૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વૃક્ષોના વાવેતરમાં સીતાફળ, જામફળ, આંબા, નાળિયેરી, આસોપાલવ, સવન, કરેણ, લીમડો, જમરૂખ સપ્તપદી બોરસલી વગેરે જેવા ફળાવ અને છાયાદાર વૃક્ષનો સમાવેશ થાય છે. આમ, પદ્ધતિના ઉપયોગથી ગાઢ, બહુસ્તરીય જંગલોનું સહેલાઈથી નિર્માણ થઈ શકશે અને પર્યાવરણને બચાવી શકાશે. સાથે જ આ પ્રકારનું કામ હાથ ધરવાથી પડતર જમીનનો સદુપયોગ પણ થઈ શકશે.

# જૂનાગઢ જીલ્લાની ૭૧૭ શાળાઓમાં તા.૧૨થી ૧૪ દરમ્યાન કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાશે

## વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન જૂનાગઢ જીલ્લાના ૯૪૭૧ બાળકો બાલવાટિકામાં અને ૫૪૪ બાળકોને ધોરણ ૧ માં પ્રવેશ મેળવશે

જૂનાગઢ, તા.૭

કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ૨૦૨૩ ના આયોજન અંગે કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાયેલા બેઠકમાં તા. ૧૨ થી ૧૪ જુન દરમ્યાન યોજાનારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંગે કલેકટરે માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટર આ આ મહોત્સવ -પ્રવેશોત્સવમાં સહભાગી બનનાર પદાધિકારીઓ અધિકારીઓને ઉત્સાહપૂર્વક ભાગ લેવા તેમજ શાળામાં સર્વગ્રાહી મૂલ્યાંકન કરવા, ખૂટતી બાબતોનું ધ્યાન દોરવા જણાવ્યું હતું. કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે, કન્યાઓનું શાળાઓમાં સો ટકા નામાંકન થાય શાળામાંથી ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો છે જે અન્વયે વર્ષે રાજયની સાથે જૂનાગઢ જિલ્લામાં તા.૧૨ થી ૧૪ જુન દરમ્યાન ગ્રામ્ય અને શહેરીવિસ્તારમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાશે. જૂનાગઢ જિલ્લામાં તારીખ ૧/૬/૨૦૨૩ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા બાલવાટિકામાં પ્રવેશપાત્ર કુમાર ૪૮૦૩, કન્યા ૪૬૬૮ એમ મળી કુલ ૯૪૭૧ અને તારીખ ૧/૬/૨૦૨૩ ના રોજ છ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા પ્રવેશપાત્ર બાળકોમાં કુમાર ૨૮૭, કન્યા – ૨૫૭ મળીને કુલ ૫૪૪ બાળકોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિરાંત પરીખ, જૂનાગઢ મ્યુનિસિપલ કમિશ્નર તન્ના, ભક્તકવિ નરસિંહમહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતન ત્રિવેદી, જિલ્લા પ્રાથમિકશિક્ષણ અધિકારી વી.ડી.ધુંચલા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક પૂર્વે રાજયકક્ષાએ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલ બ્રીફીંગ વીડીયો કોન્ફરન્સમાં પદાધિકારીઓ, કલેકટર, અધિકારીઓ જોડાયા હતા.

# ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના પ્રદર્શન ગ્રેડિંગ સૂચકાંકમાં જૂનાગઢ જીલ્લો રાજ્યમાં પ્રથમ ક્રમે

## શિક્ષકોનું મહેકમ, શાળાની સુવિધા - ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લર્નિંગ ક્વોલિટી - મેનેજમેન્ટ સહિતના માપદંડના આધારે ગ્રેડીંગ નકકી થાય છે

જૂનાગઢ, તા.૭

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા પ્રદર્શન ગ્રેડિંગ સૂચકાંક પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડિકેટર માં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લામાં જૂનાગઢ જિલ્લાએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. જ્યારે સમગ્ર દેશમાં ૧૯જમું સ્થાન હાસિલ કર્યું છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૮–૧૯, વર્ષ ૨૦૧૯-૨૦નો પીજીઆઈ પરફોર્મન્સ ગ્રેડીંગ ઈન્ડિકેટર ડેટા બહાર પાડવામાં આવેલ છે. પીજીઆઈનું મુખ્ય ઉદ્દેશ દરેક બાળકને ગુણવત્તા પૂર્વક શિક્ષણ સુનિશ્ચિત થાય એ માટેનો છે. ઈન્ડેક્સમાં છ કેટેગરીમાં વિવિધ ક્ષેત્રના આધારે કુલ ૮૩ ઈન્ડિકેટર્સમાં ૬૦૦ માર્કસમાંથી મૂલ્યાંકન કરવામાં આવે છે. આ ૬૦૦ માર્કસમાંથી જૂનાગઢ જિલ્લાએ ૪૪૭ માર્ક મેળવી રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ અંગે નાયબ જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારી આર.જી.જેઠવાએ જણાવ્યુંહતું કે, આ ઈન્ડેક્સમાં શિક્ષકોનું મહેકમ, પ્રોફેશનલ ડેવલપમેન્ટ આઉટકમ, લર્નિંગ ક્વોલિટી, લર્નિંગ મેનેજમેન્ટ, શાળાની સુવિધા-ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શાળામાં સલામતી, શાળાઓને મળતી ગ્રાન્ટનો ઉપયોગ, સ્કૂલ લીડરશીપ ડેવલપમેન્ટ સહિતના માપદંડ નો સમાવેશ થાય છે.

## પિતાનો પ્રેમ પર્વતથી ઊંચો અને માતાનો પ્રેમ દરિયાથી ઊંડો હોય છે : પ્રેમાળ પરિવાર દરેક બાળકની જરૂરીયાત

# સલામતી અને હૂંફનું સરનામું એટલે રાજકોટમાં કાઠીયાવાડ 'બાલાશ્રમ' તેમાં આશ્રિત અનાથ બાળકને મળ્યો પ્રેમાળ વિદેશી પરિવાર

## પ્રાંત અધીકારીઓના હસ્તે અમેરિકા રહેતા દંપતીને સ્પેશિયલ ચાઈલ્ડ દત્તક અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૭

કહેવાય છે કે સલામતી અને હૂંફનું સરનામું એટલે પરિવાર. પિતાનો પ્રેમ પર્વતથી ઊંચો અને માતાનો પ્રેમ દરિયાથી ઊંડો હોય છે. પ્રેમાળ પરિવાર દરેક બાળકની જરૂરીયાત હોય છે.

આવા જ પ્રેમની અનુભૂતિ કરવા જઈ રહ્યું છે રાજકોટના કાઠીયાવાડ બાલાશ્રમમાં આશ્રિત બાળક. ગુજરાત સરકાર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર અનાથ બાળકોની પુનઃ સ્થાપના કરવા માટે કટિબદ્ધ છે. ત્યારે રાજકોટના કાઠીયાવાડ બાલાશ્રમમાં રહેતા બાળકને વિદેશી યુગલને દત્તક આપવામાં આવ્યું છે અને પારીવારીક પુનઃ સ્થાપના કરવામાં આવી છે. રાજકોટમાં જૂની કલેકટર કચેરી ખાતે અનાથ બાળકને નવા માતા-પિતા સાથે મેળાપનો લાગણીસભર અવસર સર્જાયો હતો.


ભારત સરકારના એડોપ્શન રેગ્યુલેશન-૨૦૨૨ મુજબ જિલ્લાકક્ષાએ દતક અધિગ્રહણનાં કેસો ચલાવવા માટેની સતા જિલ્લા મેજીસ્ટ્રેટને આપવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લા કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શન મુજબ પ્રાંત અધીકારીઓ વિવેકભાઈ ટાંક અને સંદીપભાઈ વર્માના હસ્તે યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાના હોનોલુલુ શહેર ખાતે રહેતા દંપતીને સ્પેશિયલ ચાઈલ્ડ દત્તક આપવામાં આવ્યું હતું મહત્વનું છે કે વિદેશી યુગલ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે લગાવ ધરાવે છે. આથી, ભૂતકાળમાં શારીરિક ઉણપ ધરાવતી દીકરીને દત્તક લીધી હતી. ત્યારબાદ શારીરિક અને માનસિક અસક્ષમ એવા લગભગ ચાર વર્ષના દીકરાને દત્તક લીધો છે. વિદેશી યુગલ બાળકનો ઈલાજ કરાવી તેને પારિવારિક વાતાવરણ પૂરૂ પાડવા માંગે છે.



અનાથ બાળકનો કબ્જો સોંપતી વખતે ઉપસ્થિત અધિકારીઓએ માતા-પિતાને સગા સંતાનની જેમ બાળકને ઉછેરવા, તેની સારવાર કરાવી, તેના ભવિષ્યને ઉજળું બનાવવા સૂચન આપ્યું હતું. આ તકે પ્રાંત અધીકારી વિવેકભાઈ ટાંક એ જણાવ્યું હતું કે જીવનમાં આવા બહુ ઓછા કિસ્સામાં સહભાગી બનવાનું થતું હોય છે. ત્યારે આ ક્ષણો મારા માટે વિશેષ અને યાદગાર બની રહેશે. પ્રાંત અધીકારી સંદીપભાઈ વર્મા એ કહ્યું હતું કે વહીવટી તંત્રની કામગીરીના ભાગરૂપે લાગણીસભર ઘટનાઓ ઓછી જોવા મળતી હોય છે. એટલે આ અવસરે ફરજ નિભાવ્યાનો સંતોષ પ્રાપ્ત થયો છે. ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન રક્ષાબેન બોળીયા જણાવે છે કે હું સદભાગી છું કે આવા અનેક પ્રસંગોમાં ભાગીદાર બનવાની તક મળી છે. બાળક દત્તક આપવાની પ્રક્રિયામાં રાજ્ય સરકારનો પૂરતો સહયોગ મળે છે. આ તકે જીલ્લા સમાજ સુરક્ષા અધીકારી મેહુલગીરી ગોસ્વામી, બાળ સુરક્ષા અધીકારી અલ્પેશ ગોસ્વામી, કાઠીયાવાડી બાલશ્રમ સંસ્થાના જયોત્સનાબેન અજુડીયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શિક્ષક જીતુભાઈ ખુમાણનો પુત્ર

# ખુમાણ ધ્યેયએ ધોરણ ૧૦માં એ વન ગ્રેડ ૯૯. ૫૬ પીઆર મેળવીને સમગ્ર કાઠી સમાજનું નામ રોશન કર્યું



જૂનાગઢ, તા.૭ : જૂનાગઢની કાઠી કન્યા છાત્રાલયના શિક્ષક અને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શિક્ષક અને મોટીવેશનલ સ્પીકર જીતુભાઈ ખુમાણ જૂનાગઢના સુપુત્ર ખુમાણ ધ્યેય જીતુભાઈએ ધોરણ-૧૦માં એ વન ગ્રેડ મેળવી ૯૯ ૫૬ પીઆર મેળવીને સમગ્ર કાઠી સમાજનું નામ ગુજરાત ભરવા રોશન કર્યું છે. ડો. જીતુભાઈ ખુમાણ એક શિક્ષક ઉપરાંત ગુજરાતના એક અગ્રણી શિક્ષણ વિદ છે નો પુત્ર ખુમાણ ધ્યેય આગળ ધોરણ ૧૧ -૧૨ સાયન્સમાં એ ગ્રુપ રાખીને અભ્યાસ કરી રહ્યો છે તેમનો આગળનો ધ્યેય આઈ.આઈ.ટી.માં એડમિશન મેળવીને ગુગલમાં કામ કરવાનો છે જેના માટે તેઓ અત્યારથી જ તૈયારી કરી રહ્યા છે.

# વેરાવળના અગ્રણીની સૌરાષ્ટ્ર પેસેન્જર્સ એસો.ના જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમણૂંક કરાઈ

(રાકેશ પરડવા દ્વારા)



વેરાવળ, તા.૭

તાજેતરમાં સૌરાષ્ટ્ર પેસેન્જર્સ એસોસિએશન ટ્રસ્ટની બોર્ડ મીટીંગ મળી હતી. જેમાં સૌરાષ્ટ્ર રીઝન માટે જોઈન્ટ સેક્રેટરી પદ માટે વેરાવળના રઘુવંશી અગ્રણી મુકેશભાઈ ચોલેરાની નિમણૂંક કરવામાં આવી છે. મુકેશભાઈની નિમણુંક બદલ તેમને સામાજિક, રાજકીય અને બિનરાજકીય લોકોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# મણિપુરની હિંસા માટે કોણ જવાબદાર ? નિવારણ કરવું જરૂરી

ભારતમાં કાશ્મીરી હિંદુઓ એકલા નથી, જેમણે પોતાની ધાર્મિક ઓળખને કારણે પોતાનું સર્વસ્વ છોડીને પોતાના જ દેશમાં શરણાર્થી બનીને રહેવા માટે મજબૂર થવું પડ્યું હોય. ગઈ સદીના અંતિમ દાયકામાં એવું જ એક પલાયન ઈસાઈ બહુમતી મિઝોરમના રિયાંગ હિંદુઓએ પણ કરવું પડ્યું હતું. રિયાંગ હિંદુઓ પર ૧૯૭૭માં આવેલા પ્રકોપને રાષ્ટ્રીય વિમર્શમાં કદાચ જ કોઈ જગ્યા મળી હશે, કારણ કે એ દિવસોમાં પૂર્વોત્તરને દિલ્હીમાં દૂરસ્થ અંચલની જેમ જોવામાં આવતું હતું કે ત્યાં તો કંઈકને કંઈક ઉથલપાથલ થતી જ રહે છે, જેનો પ્રબંધ સ્થાનિક પક્ષો દ્વારા તડજોડ કરીને કાઢી શકાય છે. પૂર્વોત્તરની અવગણના કરવાનો આ સિલસિલો મોદી સરકારના દોરમાં તૂટ્યો. મોદી સરકારે ૨૦૧૭માં એક રાજકીય સમજૂતી અંતર્ગત મિઝોરમના હિંદુઓના પુનર્વાસની જોગવાઈ કરી. જે કંઈ મિઝોરમના રિયાંગ હિંદુઓ સાથે થયું, કંઈક એવું જ આ સમયે મણિપુરમાં મૈતી સમુદા સાથે થઈ રહ્યું છે. મણિપુર હાઈકોર્ટ દ્વારા મૈતી સમુદાયને જનજાતિનો દરજ્જો આપવાની માંગ સ્વીકાર કર્યા બાદ મૈતી સમુદાય નિશાના પર આવી ગયો અને મોટા પાયે હિંસા ભડકી ઊઠી. સેનાની તૈનાતી બાદ પણ લગભગ ૩૫,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા.

કહેવા માટે તો મૈતી હિંદુ મણિપુરમાં બહુસંખ્યક છે, પરંતુ તેઓ માત્ર ઈમ્ફાલ ઘાટીમાં જ રહેવા માટે મજબૂર છે. એવું એટલા માટે, કારણ કે એમના પર તેમના જ પ્રદેશના પર્વતીય ક્ષેત્રોમાં સંપત્તિ ખરીદવા અને ખેતી કરવા વગેરે પર કાયદાકીય પ્રતિબંધ છે. આ પહાડી વિસ્તારોમાં ઈસાઈ બની ચૂકેલા કુકી અને નાગા રહે છે. એટલે કે મૈતી પોતાના જ રાજ્યમાં એવી સ્થિતિ સામે ઝઝૂમી રહ્યા છે, જેવી સ્થિતિ જમ્મુ-કાશ્મીરમાં એક સમયે અનુચ્છેદ ૩૭૦ને કારણે બની હતી. મણિપુરમાં ૫૩ ટકા જનસંખ્યાવાળો મૈતી હિંદુ સમુદાય પોતાના પ્રદેશના માત્ર આઠ ટકા ભૂભાગમાં રહેવા માટે અભિશપ્ત છે. જ્યારે કુકી કે નાગા સમુદાયના ઈમ્ફાલ ઘાટીમાં વસવા પર કોઈ કાનૂની પ્રતિબંધ નથી. સ્પષ્ટ છે કે સ્વતંત્ર ભારતમાં શાસન વ્યવસ્થા એ જ વણકહ્યા સિદ્ઘાંત પર આધારિત રહી કે હિંદુઓ ચાહે બહુસંખ્યક હોય કે અલ્પસંખ્યક, શાંતિ જાળવી રાખવા માટે તમામ બલિદાન તેમણે જ આપવાના હોય છે. તેના જ પરિણામસ્વરૂપ કુકી અને નાગા સમુદાયોને તો જનજાતિનો દરજ્જો આપી દેવાયો, પરંતુ મૈતિ હિંદુ સમુદાયને જનજાતિ હોવા છતાં જનજાતિનો દરજ્જો ન મળ્યો. એ તો ભારતના ભાગ્ય વિધાતા જ જણાવી શકે કે આવું કેમ કરવામાં આવ્યું?

જે ઈમ્ફાલ ઘાટી સુધી મૈતી સમુદાય સીમિત છે તે લગભગ ૭૦૦ વર્ગ માઈલમાં ફેલાયેલી છે. જ્યારે મણીપુર રાજ્યનો ભાગ રહેલી કાબો ઘાટી ૭૦૦૦ વર્ગમાઈલમાં ફેલાયેલી હતી. બ્રિટિશ કાળના નકશાઓથી તેની પુષ્ટિ થાય છે. પોતાના લશ્કરી હિતોની પૂર્તિ માટે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આ સમગ્ર ક્ષેત્ર ૧૮૩૪માં બર્માને ભાડાપટ્ટે આપી દીધું હતું. તેની સાથે જોડાયેલી સંધિમાં લખવામાં આવ્યું કે આ હસ્તાંતરણને બદલે કંપની દર વર્ષે મણિપુર રાજ્યને એક ચોક્કસ રકમ આપશે, જે ત્યારે જ બંધ કરી શકાશે, જ્યારે કાબો ઘાટી ફરીથી મણિપુર પાસે પાછી આવી જાય. અર્થાત આ ઘાટીનું મૂળ માલિક મણિપુર છે અને આ ઘાટીને બર્મા પાસેથી પાછી પણ લઈ શકાય છે. આ તથ્યને બ્રિટિશ રાજ પણ સ્વીકારતું રહ્યું. મણિપુરના ભારત ગણરાજ્યમાં વિલય થતાં સ્વાભાવિક રૂપે આ અધિકાર ભારત પાસે આવી ગયો, પરંતુ ૧૯૫૪માં નેહરુ સરકારે બર્મા સાથે મૈત્રીને ખાતર આ ઘાટી પર ભારતીય દાવો છોડી દીધો! આ કારણે આ ઘાટીઓમાં રહેતા આવેલા મૈતી હિંદુઓ સીમિત ક્ષેત્રમાં રહેવા માટે મજબૂર થઈ ગયા. પહાડી અને વન ક્ષેત્રોને એક જ ધર્માંતરિત સમુદાયને હવાલે કરી દેવા અને તેમને તમામ બંધારણીય વિશેષાધિકાર આપવાનું પરિણામ એ આવ્યું કે આ ક્ષેત્રોમાં સરકારી હસ્તક્ષેપ અને નિરીક્ષણ શિથિલ પડી ગયું. તેને કારણે મણિપુરના આ ઈસાઈ બહુલ ક્ષેત્ર પૂર્વોત્તરના વિભિન્ન હથિયારબંધ આતંકી સંગઠનો, અફીણની ખેતી કરનારાઓ અને મ્યાંમારથી આવનાર ગેરકાયદે ઘૂસણખોરોથી ભરાતા ગયા.

હાલની હિંસાની ચિનગારીના મૂળમાં માત્ર અદાલતી ચુકાદો જ નથી, બલ્કે રાજ્યમાં બિરેન સિંહ સરકારની સખ્તાઈ પણ છે. બિરેન સિંહ સરકારે આ પર્વતીય ક્ષેત્રોમાં ગેરકાયદે પ્રવાસીઓ દ્વારા વનભૂમિ પર કરવામાં આવેલા ગેરકાયદે કબ્જા પર કાર્યવાહી અને અફીણની ખેતી પર સકંજો કસ્યો છે. પૂર્વોત્તરના આતંકી સંગઠનોને તેમાંથી જ ખાતરપાણી મળતાં રહ્યાં અને તેમના દ્વારા જ આંતરરાષ્ટ્રીય તસ્કર નેટવર્ક સંચાલિત થતું આવ્યું છે. હાલની હિંસામાં કુકી સમુદાય પણ નિશાનો બન્યો છે, પરંતુ હિંસક પ્રદર્શનોની શરૂઆત પણ આ જ વર્ગના લોકો દ્વારા કરવામાં આવી. જ્યારે અદાલતી ચુકાદાના વિરોધ માટે અન્ય શાંતિપૂર્ણ વિકલ્પો પણ અપનાવી શકાય તેમ હતા. અસલમાં આ મામલો તેનું દૃષ્ટાંત છે કે છળબળથી કરાતું ધર્માંતરણ રાજકીય વિચારધારાને કઈ રીતે પોતાના સમુદાય સુધી સીમિત કરી દે છે. તેનું જીવંત ઉદાહરણ એ છે કે રાજ્યના તમામ કુકી ધારાસભ્ય, ચાહે તે ગમે તે પાર્ટીના હોય, હવે મણિપુરથી અલગ રાજ્યની માંગ કરી રહ્યા છે. તે પણ ત્યારે, જ્યારે રાજ્યમાં તેમનો જ એકાધિકાર છે! તેનાથી વિપરીત પ્રાચીન ભારતીય સભ્યતાને સાચવીને રાખનારો મૈતી સમુદાય છે, જે પોતાના જ ક્ષેત્રમાં હાંશિયામાં પહોંચાડી દીધા છતાં મણિપુરના ભાગલાની વિરુદ્ઘ છે, કારણ કે આ વર્ગ આ જ ભૂમિ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલો છે.

# આગામી ખરીફ સીઝનમાં પ્રાકૃતિક ખેતી અપનાવીને ગુજરાતને ઝેરમુક્ત કરવા ક્રાંતિ કરીએ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર, તા.૦૭

ગુજરાતમાં મે-૨૦૨૩ સુધીમાં ૫ લાખ, ૩૭ હજાર ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ઘર આંગણે જઈને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતીના પ્રણેતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આ ખરીફ સીઝનમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે. આવો, આપણે ગુજરાતને ઝેરમુક્ત કરવા ક્રાંતિ કરીએ.

પ્રાકૃતિક ખેતી માટે સતત પ્રયત્નશીલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનમાં આયોજિત સમીક્ષા બેઠકમાં કૃષિ વિભાગ અને આત્માના અધિકારીઓ સાથે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની સ્થિતિની સમીક્ષા કરી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાય અનિવાર્ય છે. આ માટે ચાર-પાંચ ખેડૂતો ભેગા થઈને ગાય રાખે. રાજ્યની પાંજરાપોળ અને ગૌશાળાઓ પણ સારી ગુણવત્તાવાળું જીવામૃત અને ઘનજીવામૃત પૂરતા પ્રમાણમાં તૈયાર કરીને ખેડૂતોને ઉપલબ્ધ કરાવે એ માટે પણ તેમણે આહવાન કર્યું હતું. તાલીમ આપી રહેલા ખેડૂતો પ્રાકૃતિક ખેતીના મોડેલ ફાર્મ બનાવે અને વધુને વધુ ખેડૂતોને પ્રેક્ટીકલ તાલીમ આપે એવું સૂચન પણ તેમણે કહ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટે રાજ્યમાં અત્યારે ૧૮૫ કામચલાઉ બજાર છે, અને ૨૪ કાયમી વ્યવસ્થા છે. વેચાણ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા પણ તેમણે ભાર મૂક્યો હતો.

મે-૨૦૨૩ થી સમગ્ર રાજ્યમાં ૧૦-૧૦ ગામોના ક્લસ્ટર્સ બનાવીને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરતા નિષ્ણાત ખેડૂતો દ્વારા જ ઘરઆંગણે તાલીમ આપવામાં આવી રહી છે. સાવ ઓછા ખર્ચે અસરકારક તાલીમ આપતી આ ઝુંબેશથી સારા પરિણામો મળ્યા છે. માત્ર મે મહિનામાં જ આ રીતે ૪ લાખ, ૨૬ હજાર ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ લીધી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૭ લાખ, ૭૧ હજાર ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીની વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી છે.

ગુજરાત વિદ્યાપીઠના રાંધેજા-ગાંધીનગર, દેથલી-ખેડા અને અંભેટી-વલસાડ સહિત મુન્દ્રા-કચ્છ અને સણોસરા-ભાવનગરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવા માટે કિસાન માસ્ટર ટ્રેનર અને કૃષિ વિભાગ-આત્માના ટેકનીકલ માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપવામાં આવી રહી છે. મે-૨૦૨૩ સુધીમાં ૧૬,૨૭૪ કિસાન અને ટેકનિકલ માસ્ટર ટ્રેનર્સને તાલીમ આપવામાં આવી છે.

આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશ, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ રાજેશ માંજુ, 'આત્મા'ના ખાસ ફરજ પરના અધિકારી શ્રી દિનેશ પટેલ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર ડી. એચ. શાહ, કૃષિ નિયામક એસ. જે. સોલંકી, 'આત્મા'ના નિયામક શ્રી પ્રકાશ રબારી, વરિષ્ઠ અધિકારીઓ અને ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગત એક મહિનામાં જ ગુજરાતના ૩૫૫ જેટલા માછીમારોને મળી પાકિસ્તાન જેલમાંથી આઝાદી

ગાંધીનગર તા. ૭

ગુજરાતના માછીમારો અરબી સમુદ્રમાં માછીમારી કરતા સમયે કેટલીક વાર દિશાભ્રમ થઈ જતા પાકિસ્તાનની સરહદ ઓળંગી જાય છે ત્યારે પાકિસ્તાનના સુરક્ષા દળો દ્વારા તેમનું અપહરણ કરી કેદ કરવામાં આવે છે. આવા નિર્દોષ માછીમારોને પોતાના વતન પરત લાવવા માટે રાજ્ય સરકાર અને ભારત સરકાર દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રયાસોના પરિણામે જ છેલ્લા એક મહિનાના સમયગાળામાં પાકિસ્તાનની જેલમાંથી બે તબક્કામાં કુલ ૩૯૮ ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. જે પૈકી ગુજરાતના ૩૫૫ માછીમારોની વર્ષો બાદ વતનવાપસી થઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાવવા ભારત સરકાર સમક્ષ સતત કરાયેલી રજૂઆતોના પરિણામે આજે આ સાગરખેડૂઓના પરિવારોમાં આનંદની લાગણી છવાઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી એસ. જયશંકર તેમજ કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોત્તમ રૂપાલા દ્વારા ગુજરાતના માછીમારોને પાકિસ્તાન જેલમાંથી મુક્ત કરાવવા કરાયેલા રાજદ્વારી પ્રયાસો માટે રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે તેમનો આભાર માન્યો હતો.

મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના માછીમારોના સર્વાંગી વિકાસ અને સુરક્ષા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે, અને હરહંમેશ રહેશે. કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસોથી પાકિસ્તાનની કેદમાં રહેલા ગુજરાતના ૧૭૧ માછીમારો સહિત દેશના કુલ ૨૦૦ માછીમારોને ગત ૨ જૂન, ૨૦૨૩ના રોજ મુક્ત કરાયા હતા. તબીબી તપાસ અને વેરીફીકેશન બાદ ગુજરાતના આ માછીમારો ટ્રેન મારફત વડોદરા આવતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ બસ મારફત તેઓને સુરક્ષિત રીતે પોતાના ઘર સુધી પહોંચાડવામાં આવ્યા હતા. વર્ષોબાદ વતનવાપસી થતા તેમના પરિવારમાં પણ આનંદ છવાયો હતો.

# PM મોદીના ગામ વડનગરનો મોટા પાયે ચાર તબક્કામાં વિકાસ કરાશે




વડનગર,તા.૭

સમગ્ર વિશ્વમાં ભારતને ખ્યાતિ અપાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પણ તેમની જન્મભૂમિ વડનગરનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેના કારણે હવે વડનગરની કાયાપલટના ડ્રીમ પ્રોજેક્ટ પર પીએમ મોદીની યોજનાઓ આકાર લઈ રહી છે. તેના પરિણામો આવનારા દિવસોમાં માત્ર વડનગરને જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતને વિશ્વમાં ખ્યાતિ અપાવશે. આગામી સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગામ એવા વડનગરનો ચાર તબક્કામાં વિકાસ કરવામાં આવશે. જેમાં એક મોટું મ્યુઝિયમ તૈયાર કરવામાં માટેની યોજના ઘડાઈ છે. જે વિશ્વસ્તરના પ્રવાસીઓ માટે ખુલ્લુ મૂકવામાં આવશે.ખાસ વાત એ છે કે વડનગરમાં એક શાળા છે, જે ૧૯મી સદીની છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભ્યાસ કર્યો હતો. તેને પ્રેરણા સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહી છે. મહત્વનુ છે કે તેનું નામ પ્રેરણા રાખવામાં આવ્યું છે. જોકે દેશભરમાંથી ૧૫૦૦ બાળકોને અહીં લાવવામાં આવશે, જેમને પ્રેરણાદાયી વાતો કહેવામાં આવશે. જ્યાં બાળકોને પ્રેરણાનાં સંદેશાઓ પ્રાપ્ત થશે.વડનગરની આ શાળામાં ૮ વર્ગખંડો છે. જ્યાં ડિજિટલ અને શારીરિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવશે. વડનગરનો બૌદ્ધ અને જૈન ધર્મ સાથે ઊંડો સંબંધ છે. મહત્વનુ છે કે વડનગર ચીન સાથે પણ સંકળાયેલું છે. ત્યારે વડનગરમાં અત્યાર સુધીના ખોદકામમાં અઢી હજાર વર્ષ જૂની સંસ્કૃતિ મળી આવી છે. આ સાથે વડનગરનું વર્ણન મહાભારત, પુરાણ અને ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. મહત્વનુ છે કે આટલું વિગતવાર સંશોધન ભારતમાં હજી થયું નથી.અગાઉ પણ આ જ પ્રકારે વડનગરનો વિકાસ કરવામાં આવ્યો છે. જે અવિરત પણે ચાલુ છે. વડનગર આમ તો ઐતિહાસિક શહેર છે પણ આ શહેરને વૈશ્વિક ઓળખ અપાવવાનું અને વિકાસના પંથે લઈ જવાનું શ્રેય વડનગરવાસીઓ પણ નરેન્દ્ર મોદીને જ આપે છે. લાંબા ઈતિહાસને પોતાના ગર્ભમાં ધરબીને બેસેલું આ પ્રાચીન નગર છે. તેનો ભૂતકાળ ભવ્ય અને જૂનો છે એટલો જ એનો વર્તમાન ઉડીને આંખે વળગે એવો છે.

આ નગરે અનેક બદલાવો જોયા છે. આજે આ નગર પર આખી દુનિયાની નજર છે.જ્યારથી મોદી મુખ્યમંત્રી બન્યા ત્યારથી આ નગર ચર્ચામાં છે. એમાં પણ વડાપ્રધાન થયા બાદ તો આ શહેરની ઓળખ દેશની સરહદો પણ વટાવી ગઈ. આજે પણ જ્યારે મોદી વિકાસની વાતો કરે ત્યારે વિરોધીઓ પહેલો સવાલ કરે છે કે મોદીએ તેમના વતન વડનગરમાં શું વિકાસ કર્યો છે? આવા જ સવાલના સાચો જવાબ મેળવવાનો આ એક પ્રયાસ છે.

# ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ લોકસભા ચૂંટણી માટે નવા પ્રભારીને પાર્ટીની કમાન સોંપશે



દિલ્હી,તા.૭

ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીની તૈયારી કરી રહેલી કોંગ્રેસમાં પરિવર્તનના સંકેત દેખાઈ રહ્યા છે. સૂત્રોનું માનીએ તો આગામી ચૂંટણીની તૈયારીઓને ધ્યાનમાં રાખી યુપી કોંગ્રેસને ટૂંક સમયમાં રાજ્યમાં નવા પ્રભારી મળી શકે છે. એવો દાવો કરવામાં આવે છે કે પ્રિયંકા ગાંધી ઘણા રાજ્યોમાં ચૂંટણીમાં વ્યસ્ત હોવાને કારણે તેમના પ્રભારીપદનો ત્યાગ કરી શકે છે. જોકે, નવા નામોને લઈને પક્ષમાં હજુ પણ મંથન ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર યુપી કોંગ્રેસના પ્રભારીની રેસમાં ઘણા નામ છે, હરીશ રાવત અને તારિક અનવરનું નામ આ રેસમાં સૌથી આગળ જણાવવામાં આવી રહ્યું છે. તેમને રાજ્યમાં કોંગ્રેસની કમાન સોંપવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ લોકસભા ચૂંટણી માટે નવા પ્રભારીને પાર્ટીની કમાન સોંપવા પર વિચાર કરી રહી છે.

સૂત્રોનું માનીએ તો રાજ્યમાં નવા પ્રભારીના નામને લઈને પાર્ટીમાં મંથન તેજ થયું છે. જોકે, અત્યારે પાર્ટી ઉતાવળમાં કોઈ નિર્ણય લેવા માંગતી નથી. પરંતુ જાણકારોનું માનીએ તો રાહુલ ગાંધી વિદેશથી પરત ફર્યા બાદ નવા પ્રભારીના નામ પર નિર્ણય લેવામાં આવી શકે છે. યુપીમાં કોંગ્રેસની નવી કારોબારી સમિતિની પણ જાહેરાત થવાની છે, જેને લઈને અનેક નામોની ચર્ચા થઈ રહી છે. માનવામાં આવી રહ્યું છે કે પ્રદેશ કારોબારીમાં પ્રદેશ પ્રમુખોને સ્થાન આપવામાં આવી શકે છે.રાજકીય નિષ્ણાતોના મતે કર્ણાટક ચૂંટણી બાદ પાર્ટીમાં સંગઠન સ્તર પર કેટલાક નેતાઓની જવાબદારી વધી શકે છે. ખાસ કરીને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે પાર્ટીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને આ ફેરફાર ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. સૂત્રોનું માનીએ તો કર્ણાટકમાં જીત બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ પ્રિયંકા ગાંધીની ભૂમિકા બદલાઈ જશે.આ વર્ષના અંત સુધીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસની સરકાર છે જયારે મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર છે. જો કે કર્ણાટકમાં જીત બાદ કોંગ્રેસે હવે આ રાજયોમાં તૈયારીઓ તેજ કરી દીધી છે.

# કમોસમી વરસાદના કારણે ટામેટાના ભાવ આસમાને

અમદાવાદ તા. ૭

હાલમાં, આવી વસ્તુ દેશમાં મોંઘવારીના દાયરામાં આવી ગઈ છે, જેના વિના ભારતીય રસોડામાં ઘણીવાર ખોરાક અથવા વાનગીઓ તૈયાર થતી નથી. આ વધારો ટામેટાના ભાવમાં આવ્યો છે અને છેલ્લા ૧૫ દિવસમાં તેના ભાવ બમણા થઈ ગયા છે. ઉત્તર ભારતમાં કમોસમી વરસાદે માત્ર ટામેટાના પાકને જ અસર કરી નથી, અહીં આદુના ભાવમાં લગભગ બમણો વધારો જોવા મળ્યો છે અને તેના ભાવ આસમાને પહોંચી ગયા છે. છેલ્લા ૧૫ દિવસમાં ટામેટાના ભાવ બમણા થઈ ગયા છે અને તેનો ભાવ ૪૦ રૂપિયાથી વધીને ૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. આ કિંમતો છૂટક બજાર માટે દેખાઈ રહી છે.

હાલમાં દિલ્હીની આઝાદપુર મંડીમાં ટામેટાંની આવક ઘટી છે અને તેનું સૌથી મોટું કારણ કમોસમી વરસાદ છે, જેના કારણે ટામેટાના પાકને ઘણું નુકસાન થયું છે.ઈકોનોમિક ટાઈમ્સમાં છપાયેલા અહેવાલ મુજબ, આઝાદપુર મંડીના ટામેટા એસોસિએશનના પ્રમુખ અશોક કૌશિકનું કહેવું છે કે નવો પાક આવે ત્યાં સુધી ટામેટાંના ભાવ થોડા સમય માટે ઉંચા રહેશે. બીજી તરફ, દક્ષિણ ભારતમાંથી ટામેટાંની ભારે માંગ છે, જેના કારણે ટામેટાંના ભાવ નીચા નથી આવી રહ્યા. ટામેટાંની માંગ વધુ છે અને તેના પુરવઠામાં અછત છે, જેના કારણે શાકભાજીના વિક્રેતાઓ ઊંચા ભાવે ટામેટાં વેચી રહ્યા છે. હાલમાં હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી જ ટામેટાંની સપ્લાય થઈ રહી છે.

# ધોરાજીના ૯૦ વર્ષના વૃદ્ધાએ ૪૩ વિઘા જમીન ખોડલધામને અર્પણ કરી

રાજકોટ,તા.૭

સૌરાષ્ટ્રએ સંત અને સુરાઓની ભુમિ છે.અહીં દાન આપવાનું ખૂબ જ મોટું મહત્વ રહેલું છે.ત્યારે આવું જ એક વિશેષ દાન રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના પરબડી ગામમાં રહેતા ૯૦ વર્ષીય નંદુબેન ડાયાભાઈ પાઘડારેએ આપ્યું છે.નંદુબેને પોતાની પાસે રહેલી ૪૩.૫ વિઘા જમીન ખોડલધામ ટ્રસ્ટને અર્પણ કરી છે.નંદુબેને પોતાની આ જમીન ધોરાજી સબ રજીસ્ટ્રાર ઓફિસ પહોંચીને વસિયતનામું લખી આપ્યું હતું. જેમાં તેની તમામ જમીન ખોડલધામ ટ્રસ્ટને અર્પણ કરી છે. જમીનનુ આવડુ મોટુ દાન જીવનના અંતિમ પડાવે કરીને વૃદ્ધાએ પોતાની દાન ભાવના પ્રગટ કરીને અન્ય માટે ઉદાહરણ બન્યા હતા. નંદુબેનની ભાવનાની લોકોએ ખૂબ સરાહના કરી હતી. નંદુબાની તબિયત નાદુરસ્ત છે.તેઓ ચાલી શકતા ન હતા જેથી તેઓ સબ રજીસ્ટ્રાર ઓફિસ સ્ટ્રેચર લઈને પહોંચ્યા હતા.સબ રજીસ્ટ્રાર કચેરીએ સ્ટ્રેચર પર પહોંચવાને લઈ તેમને જોનારા સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.નંદુબેને પોતાની માલિકીની રહેલી ૪૩.૫ વિઘા જમીન સબ રજીસ્ટ્રાર ઓફિસે વસિયતનામાથી લખી આપી હતી.આ સમયે ખોડલધામ ધોરાજીના કમિટી સભ્યો પણ હાજર રહ્યા હતા.૯૦ વર્ષીય નંદુબેનના આ વિચારને લેઉવા પાટીદાર સમાજના દરેક લોકોએ સહર્ષ આવકાર્યો છે,ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે નંદુબેનનો આભાર માન્યો હતો અને તેને શુભેચ્છા સાથે વંદન પણ કર્યા હતા.આ ઉપરાંત ખોડલધામની ધોરાજીના કમિટી સભ્યોએ સબ રજીસ્ટ્રાર ઓફિસે માતાજીની પ્રતિમા આપીને સન્માન કર્યું હતું. નરેશ પટેલની સાથે સાથે ધોરાજી ઉપલેટાના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ નંદુબેનની આ દાનવીરતાને બિરદાવી હતી અને તેઓને કોટિ કોટિ વંદન કર્યા હતા.

# દેશમાં પ્રથમ ઐતિહાસિક હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર દર્દી ૧૦ વર્ષ પછી તેના જેવા અન્ય દર્દીઓને મદદ પણ કરે છે

(એજન્સી) તા.૭

કોચી સ્થિત અમૃતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સના હેડ એન્ડ નેક સર્જરી વિભાગમાં એક નાની કેબિનમાં હેન્ડ ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત ધરાવતા દર્દી માટે એક વ્યક્તિ ફોર્મ ભરે છે. આ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ ભારતમાં હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ કરાવનાર પ્રથમ દર્દી છે. અને હવે તેઓ અન્ય દર્દીઓમાં આત્મવિશ્વાસની ભાવના જગાડે છે. દસ વર્ષ પહેલાં કેરળના ઈડુક્કીના નેયાસેરી ગામના એક ઈવેન્ટ મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ સાથે એક ચોંકાવનારી ઘટના બની હતી અને ભવિષ્યમાં શું થશે તેની કોઈ જ ખબર ન હતી. તેને ગુંડાઓએ ચાલતી ટ્રેનમાંથી ધક્કો માર્યો હતો. આ ઘટનામાં તેઓએ તેના બંને હાથ ગુમાવ્યા હતા. મનુ કહે છે કે, મારી નિરાશા એટલી હતી કે હું આત્મહત્યા કેવી રીતે કરી શકું તે વિશે વિચારતો હતો. કારણ કે હું સંપૂર્ણ બરબાદ થઈ ગયો હતો, હું સંપૂર્ણપણે મારા ભાઈઓ ઉપર આધારિત હતો. તે સમયે હેડ એન્ડ નેક સર્જરી, પ્લાસ્ટિક સર્જરી અને ક્રેનિયો-મેક્સિલોફેસિયલ સર્જરીના ચેરમેન ડૉ. સુબ્રમણિયા અય્યરે તેમના અન્ય ડોક્ટરો સાથે મળીને ઐતિહાસિક ઓપરેશન કરવાનું નક્કી કર્યું અને ૧૩ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ દેશનું પ્રથમ દ્વિપક્ષીય હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ કર્યું. ૧૬ કલાકની આ પ્રક્રિયામાં ૨૦થી વધુ સર્જનોએ ભાગ લીધો હતો. તેમની આ સંસ્થા આ વર્ષે તેની ૨૫મી રજત જયંતિની ઉજવણી કરી રહી છે તે ૨ જૂનથી શરૂ થતા કાર્યોની શ્રેણી સાથે ૧૪ દર્દીઓના ૨૬ હાથ ટ્રાન્સપ્લાન્ટ કરશે. સમગ્ર દેશમાં, છ અન્ય કેન્દ્રો પણ છે જેમણે આ જટિલ હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ્સ કર્યા છે અને અત્યાર સુધીમાં ૨૬ દર્દીઓમાં કુલ ૪૭ હાથ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે. વિશ્વભરમાં હાથ પ્રત્યારોપણમાં રોકાયેલા ૪૦થી ઓછા કેન્દ્રો છે. ડોક્ટરો કહે છે કે હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ કરાવવાના લાભો છે અને નુકસાન પણ છે. દાતાની ઉપલબ્ધતા, જનજાગૃતિનો અભાવ, પ્રક્રિયાની પોષણક્ષમતા, આજીવન ઈમ્યુનોસપ્રેસન્ટ દવાઓની કિંમત અને આડઅસર જેવા પડકારો છે. બધાને હાથ પ્રત્યારોપણની જરૂર હોતી નથી અને હાલમાં ડો. અય્યર અને તેમની ટીમ ઓસીઓઈન્ટીગ્રેશન ઉપર સંશોધન ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને હેન્ડ એમ્પ્યુટીસના વ્યાપક પુનર્વસન તરફ સક્રિયપણે કામ કરી રહી છે. અમૃતા હોસ્પિટલ, ફરીદાબાદ ખાતે પ્લાસ્ટિક અને પુર્નઃનિર્માણ સર્જરીના પ્રોફેસર ડો.મોહિત શર્મા, જેઓ હાથ પ્રત્યારોપણ કરતી ટીમના મુખ્ય ભાગ છે, તેમણે કહ્યું કે, હેન્ડ ટ્રાન્સપ્લાન્ટની જરૂરિયાત વ્યક્તિની ઉચ્ચ કાર્યાત્મક જરૂરિયાતો ઉપર આધારિત છે. એવા કિસ્સાઓ છે કે જ્યારે વ્યક્તિએ પ્રભાવશાળી હાથ ગુમાવ્યો હોય અને તેને ફરીથી રોપવું મુશ્કેલ હોય છે અને આ કાર્યમાં ખૂબ વિલંબ થાય છે. તેથી અમે એવો પ્રયાસ કરીએ છીએ કે પરંપરાગત હાથથી વિપરીત, અંગવિચ્છેદન કરનારાઓ સહન કરી શકે તેવા કૃત્રિમ હાથ વડે ઓસીઓઈન્ટિગ્રેશન સાથે લક્ષિત સ્નાયુઓના પુનર્જન્મની યોજના બનાવવાનો છે. અમૃતા ઈન્સ્ટિટ્યૂટ હવે હૈદરાબાદ સ્થિત સ્ટાર્ટ-અપ મેકર્સ હાઈવ સાથે સહયોગ કરી રહી છે જેણે ૨૦૨૦માં તેની બાયોનિક આર્મ કાલઆર્મ લોન્ચ કરી હતી

# ચંદ્રબાબુ નાયડુએ અમિત શાહ સાથે મુલાકાત કરી, ચૂંટણી માટે ગઠબંધન વિશે ચર્ચા શરૂ કરી

(એજન્સી) તા.૭

તેલુગુદેશમ પાર્ટીના પ્રમુખ ચંદ્રબાબુ નાયડુએ આ વર્ષના અંતમાં તેલંગાણા વિધાનસભા ચૂંટણી અને આગામી વર્ષે સામાન્ય ચૂંટણી પહેલા ગઠબંધન ઉપર ચર્ચા કરવા માટે દિલ્હીમાં ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી. મુલાકાત અડધો કલાક સુધી ચાલી. સૂત્રોએ જણાવ્યું કે આ વર્ષે થનાર તેલંગાણા વિધાનસભા ચૂંટણી માટે ભાજપ અને ટીડીપીનું ગઠબંધન થઈ શકે છે. ટીડીપી ૨૦૧૪માં એનડીએનો ભાગ હતી, પરંતુ આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જાના મુદ્દા ઉપર ૨૦૧૯ની ચૂંટણી પહેલા માર્ચ ૨૦૧૮માં સત્તાધારી ગઠબંધન છોડી દીધું જો કે હાલમાં જ પોર્ટ બ્લેયરમાં થયેલ નગર નિગમ ચૂંટણી પછી બંને પાર્ટીઓ સાથે આવી. વડાપ્રધાન મોદીએ પાછલા મહીને પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં ટીડીપીના સંસ્થાપક અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એનટી રામારાવને તેમની જયંતી ઉપર ત્રણ કાર્યક્રમમાં સાત વર્ષ સુધી યાદ કર્યા હતા.

# ગોરખપુરના છોકરાએ લાંબા સમય સુધી વાયરલેસ ઈયરફોનનો ઉપયોગ કરવાને લીધે સાંભળવાની ક્ષમતા ગુમાવી

નવી દિલ્હી, તા.૭

ઉત્તર પ્રદેશના ગોરખપુરના એક ૧૮ વર્ષના છોકરાએ લાંબા કલાકો સુધી TWS ઈયરબડનો ઉપયોગ કર્યા પછી તેની સાંભળવાની ક્ષમતા ગુમાવી દીધી. ઈયરફોન વિના જીવનની કલ્પના કરવી મુશ્કેલ છે, ખાસ કરીને જો તમારે સાર્વજનિક પરિવહનમાં મુસાફરી કરવી પડે, અને ઘોંઘાટીયા ઓફિસમાં લાંબા કલાકો વિતાવતા હોય, પરંતુ સતત કલાકો સુધી ઉપકરણનો એકસાથે ઉપયોગ કરવાથી તેના નુકસાન છે. અસરો એટલી ગંભીર હોઈ શકે છે કે તમે તમારા કાનને નુકસાન પહોંચાડી શકો છો, કારણ કે મોટાભાગના ઈન-ઈયર ઈયરફોન કાનમાં ઊંડે સુધી પહોંચે છે. TOIના અહેવાલ મુજબ, ઈયરફોનનો વધુ પડતો ઉપયોગ કરવાને કારણે છોકરાએ તેની સુનાવણી ગુમાવી દીધી હતી. પરંતુ ઓપરેશનથી છોકરાએ હવે તેની સામાન્ય સુનાવણી પાછી મેળવી છે. જ્યારે લોકો લાંબા સમય સુધી ઈયરબડ પહેરે છે, ત્યારે કાનની અંદર ભેજ વધે છે, જે બેક્ટેરિયા અને વાયરસને ખીલવા માટે એક આદર્શ વાતાવરણ પૂરું પાડે છે. ડોક્ટરોએ સમજાવ્યું છે કે, આપણા શરીરની જેમ, કાનને પણ વેન્ટિલેશનની જરૂર છે. તેને લાંબા સમય સુધી બંધ રાખવાથી પરસેવો જામે છે અને ત્યારબાદ ચેપ લાગે છે. જો તમે TWS ઈયરબડ્સનો ઘણો ઉપયોગ કરો છો, તો તમારે વધુ સાવધ રહેવું જોઈએ અને તમારા કાનને નુકસાન થતા અટકાવવા માટે નીચેના પગલાંઓ અનુસરવુ જોઈએ:

- ઈયરબડ્સ અથવા હેડફોનનો ઉપયોગ કરવાની અવધિ મર્યાદિત કરવાનો પ્રયાસ કરો, ખાસ કરીને ઉચ્ચ વોલ્યુમ લેવલ ઉપર.
- સામાન્ય નિયમ એ છે કે મહત્તમ સ્તરના ૬૦ ટકાથી વધુ વોલ્યુમ સેટ કરવું નહીં.
- ANC સાથે ઈયરબડ્સનો ઉપયોગ કરો કારણ કે તે બાહ્ય અવાજને વધુ અસરકારક રીતે અવરોધિત કરી શકે છે, જેનાથી તમે નીચા અવાજના સ્તરે સાંભળી શકો છો.
- ગંદકી, મીણ અથવા પરસેવાને રોકવા માટે તમારા કાનને નિયમિતપણે સાફ કરો, જે ચેપ તરફ દોરી શકે છે.
- જો શક્ય હોય તો, ઈયરબડ્સને બદલે ઓવરઈયર હેડફોનનો ઉપયોગ કરો, કારણ કે તે અવાજને વધુ સમાનરૂપે વિતરિત કરે છે અને કાનની અંદર અવાજનો સીધો સંપર્ક ઘટાડે છે.
- ઘોંઘાટીયા વાતાવરણમાં, જેમ કે દિલ્હી મેટ્રો અથવા બસો અથવા વ્યસ્ત શેરીઓ, લોકો બહારના અવાજને રોકવા માટે વોલ્યુમ વધારવાનું વલણ ધરાવે છે. જો તમે તમારી જાતને આવી પરિસ્થિતિઓમાં જોશો, તો અવાજ-રદ કરતા હેડફોનોનો ઉપયોગ કરવાનું અથવા તેના બદલે વોલ્યુમ ઘટાડવાનું વિચારો.

# ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉનને અભિનંદન પાઠવ્યા બાદ પોતાના જ પક્ષની સખત ટીકાઓનો સામનો પણ કરવો પડ્યો



નવી દિલ્હી, તા.૭

પૂર્વ યુ.એસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનને વિશ્વ આરોગ્ય સંસ્થાના એક્ઝિક્યુટિવ બોર્ડમાં દેશના પ્રવેશ ઉપર અભિનંદન આપ્યા બાદ વિવાદ ઉભો થયો હતો. પૂર્વ રાષ્ટ્રપતિએ ટ્રુથ સોશિયલ ઉપર લખ્યું, કિમ જંગ ઉનને અભિનંદન ! પ્રવેશના સમાચાર શેર કરતી વખતે ઉત્તર કોરિયાના નેતાના નામની ખોટી જોડણી લખી. આ પોસ્ટને રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો અને રાજ્ય પક્ષના નેતાઓ તરફથી તાત્કાલિક નિંદા કરવામાં આવી હતી. ટ્રમ્પના પૂર્વ યુએન એમ્બેસેડર અને ૨૦૨૪ના વિરોધી નિક્કી હેલીએ ટ્વિટર ઉપર કહ્યું, કિમ જોંગ ઉન પોતાના લોકોને ભૂખે મારે છે. તે સંપૂર્ણ હાસ્યાસ્પદ છે કે ઉત્તર કોરિયા વિશ્વ આરોગ્ય સંસ્થામાં અગ્રણી ભૂમિકા ધરાવે છે. ટ્રમ્પના અભિનંદન સંદેશ ઉપર પ્રતિક્રિયા આપતા, જ્યોર્જિયાના ગવર્નર બ્રાયન કેમ્પે કહ્યું, જો-બાઈડેન પાસેથી આપણા દેશને પાછા લઈ જવાની શરૂઆત ઉત્તર કોરિયાના ખૂની સરમુખત્યારને અભિનંદન આપવાથી થતી નથી. ધ ન્યૂયોર્ક પોસ્ટે અહેવાલ આપ્યો હતો કે, વ્હાઈટ હાઉસ માટે ટ્રમ્પના GOP પ્રતિસ્પર્ધીઓએ તેમની ટીકા ચાલુ રાખી, જેમાં ફ્લોરિડાના ગવર્નર રોન ડીસેન્ટિસનો સમાવેશ થાય છે, જેમણે ઉત્તર કોરિયાના નેતાને ખુની સરમુખત્યાર કહ્યા હતા. કિમ જોંગ ઉન અમેરિકાના દુશ્મન છે જે શાંતિ અને સ્વતંત્રતાને જોખમમાં મૂકે છે. હકીકત એ છે કે ટ્રમ્પ ભ્રામક રીતે માને છે કે ચીન માટે મૂર્ખ અને પ્રમુખ બનવા માટે અયોગ્ય છે, પૂર્વ GOP મેરીલેન્ડના ગવર્નર લેરી પેજે પણ ટ્રમ્પ ઉપર આકરા પ્રહારો કર્યા. ટ્રમ્પે તેમના એક ગાળાના પ્રમુખપદ દરમિયાન કિમ સાથે નરમ- ગરમ સંબંધોનો આનંદ માણ્યો હતો. બંને નેતાઓ વારંવાર અપમાનનો સોદો કરતા હતા, ટ્રમ્પે કિમને નાનો રોકેટ મેન કહીને ઉપહાસ કર્યો હતો અને બાદમાં ઘરડો અને ડરી ગયેલો કૂતરો જેવા ઉપનામો સાથે વળતો પ્રહાર કર્યો હતો. જો કે, અલગ પડેલા સામ્યવાદી દેશની મુલાકાત લેનારા પ્રથમ વર્તમાન યુ.એસ પ્રમુખ બન્યા પછી, ટ્રમ્પે ૩૯ વર્ષીય નિરંકુશની પ્રશંસા કરવાનું શરૂ કર્યું. ટ્રમ્પના પોતાના શબ્દોમાં, તેઓ કિમ સાથે અનોખા સંબંધ અને ખાસ મિત્રતા શેર કરે છે. ડૉ. જોંગ મીન પાક આ અઠવાડિયે WHOના એક્ઝિક્યુટિવ બોર્ડમાં ત્રણ વર્ષની મુદત માટે નિયુક્ત થનાર પ્રથમ ઉત્તર કોરિયાના અધિકારી બન્યા. આનો મતલબ એ છે કે વિશ્વની સૌથી ભયાનક શાસનમાંની એક હવે એવા જૂથનો એક ભાગ છે જે આરોગ્ય સંભાળના વૈશ્વિક શાસન માટેના ધોરણો અને ધારાધોરણો નક્કી કરે છે અને તેનો અમલ કરે છે.

# વિદેશમાં અભ્યાસ કરવા માટે લોન મેળવો, અભ્યાસ પૂર્ણ થયા બાદ લોનના હપ્તા ભરો

## સરકાર દ્વારા સંચાલિત ''વિદ્યા લક્ષ્મી'' પોર્ટલ www.vidyalakshmi.co.in ઉપરથી એપ્લાય કરો અને સરળતાથી લોન પણ મેળવો

અમદાવાદ, તા.૭

નબળી આર્થિક પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓ સારી સંસ્થામાં ભણી શકતા નથી. ઘણા વિદ્યાર્થીઓને વિદેશ ભણવાની ઈચ્છા હોય છે. પરંતુ આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી તેઓ પણ મુશ્કેલી અનુભવે છે. ત્યારે સ્ટુડન્ટ લોન માટે કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત એક શ્રેષ્ઠ પોર્ટલ છે. જેનું નામ વિદ્યા લક્ષ્મી પોર્ટલ છે, અહીં તમે લોન માટે અપ્લાય કરી શકો છો. લોન મેળવ્યા પછી તમારે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ લોન ભરવાની હોય છે. એટલું જ નહીં વ્યાજ પણ જ્યારે તમે અભ્યાસ પૂર્ણ કરો છો ત્યાર બાદ જ લાગુ પડે છે. વિદ્યા લક્ષ્મી પોર્ટલ ઉપર લોન મેળવવા માટેની પ્રક્રિયા ખૂબ જ સરળ અને ઝડપી છે. અમદાવાદ સહિત ગુજરાતમાં ઘણા વાલીઓએ પોતાના બાળકો માટે વિદ્યા લક્ષ્મી પોર્ટલ ઉપર લોન એપ્લાય કરીને લોન લીધી છે. વિદ્યા લક્ષ્મી પોર્ટલ સરકાર દ્વારા સંચાલિત એજ્યુકેશન લોન પોર્ટલ છે. વિદ્યા લક્ષ્મી પોર્ટલ એજ્યુકેશન લોન મેળવવા માગતા લોકો માટે વન-સ્ટોપ સોલ્યુશન તરીકે કામ કરે છે. જ્યાં વિદ્યાર્થીઓને ૩૪ બેંકો દ્વારા ઓફર કરવામાં આવતી લોનની માહિતી મેળવી શકે છે. IBA માર્ગદર્શિકાને અનુસરીને, પોર્ટલ નાણાકીય સેવાઓ વિભાગ, ઉચ્ચ શિક્ષણ વિભાગ અને ભારતીય બેંક એસોસિએશન (IBA)ના નેજા હેઠળ કાર્યરત છે. તેમાં શિષ્યવૃત્તિ પહેલ, વિદ્યાસારથી સાથે, NSDL ઈ-ગવર્નન્સ સક્ષમ પોર્ટલ ઉપરથી દેશના વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ માટે નાણાકીય સહાય શોધવામાં મદદ કરવામાં સક્ષમ છે. વિદ્યા લક્ષ્મી વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લોન માટે અરજી કરવા માટેનું એક પ્રકારનું પોર્ટલ છે. માત્ર એક સામાન્ય શિક્ષણ લોન અરજી ફોર્મ ભરીને, વિદ્યાર્થીઓ એક સમયે તેની પસંદગીની ૩ બેંકોમાં અરજી કરી શકે છે, આમ શિક્ષણ લોન અરજીની પ્રક્રિયા પારદર્શક, ઝડપી અને મુશ્કેલી મુક્ત બને છે. શું છે લોન મેળવવા માટેની



પ્રક્રિયા ? 'વિદ્યા લક્ષ્મી' પોર્ટલ ઉપરથી લોન મેળવવા માટે તમારે તેના ઓફિશિયલ પોર્ટલ www.vidyalakshmi.co.in ઉપર લોગીન કરીને તમારી માહિતી ભરવાની હોય છે. એપ્લાય કર્યા બાદ તમારી અરજી મંજૂર થયા બાદ તમે જે બેંક પસંદ કરશો તે બેંકમાંથી તમે લોન મેળવી શકો છો. ત્યારબાદ તમને બેંક દ્વારા સંપર્ક કરવામાં આવે છે. વિવિધ બેંક અલગ-અલગ વ્યાજ દર ઉપર તમને લોન ઓફર કરે છે. જેમાંથી તમને જે યોગ્ય લાગે તે લોન તમે લઈ શકો છો. તમારા અભ્યાસની કુલ રકમના ૭૦થી ૮૦ ટકા સુધી તમને લોન મળી શકે છે. વિવિધ બેંક અલગ-અલગ ઓફર આપે છે જેથી આપને જે લોન અનુકુળ આવે તે લોન આપ લઈ શકો છો. ઓગસ્ટ ૨૦૧૫માં વિદ્યા લક્ષ્મી પોર્ટલ કાર્યરત થવાની જાહેરાત થઈ ત્યારથી, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ સુવિધાનો લાભ લીધો છે. તેમજ વિદ્યાર્થીઓ બેંકોને સીધી અરજી કરવાનું ચાલુ રાખે છે અને બેંકો તેમનો ડેટા પોર્ટલ ઉપર અપલોડ કરી રહી છે, અત્યાર સુધીમાં ૪.૬૯ લાખ વિદ્યાર્થીઓનો લોન ડેટા શરૂઆતથી પોર્ટલ ઉપર રહેલો છે. જેથી જો તમે પણ ઉચ્ચ અભ્યાસ કરવા માગતા હોવ અથવા વિદેશમાં જઈને ઉચ્ચ અભ્યાસ કરવા માંગો છો તો 'વિદ્યા લક્ષ્મી' પોર્ટલ ઉપરથી લોન એપ્લાય કરી શકો છો. જ્યાં તમે એપ્લાય કરીને સરળતાથી તમને યોગ્ય લાગે તે બેંકમાંથી લોન મેળવી શકો છો.

# ગુજરાતમાં બાળ-કન્યા તસ્કરીનો વ્યવસાય અનેકગણો વધી રહ્યો છે

(એજન્સી) તા.૭

૧૩ વર્ષની હેમા સલાતે કારમાં પગ મૂક્યો, ત્યારે તેણી જાણતી હતી કે તેનું જીવન હંમેશ માટે બદલાઈ ગયું છે. આગામી ૪૮ કલાકમાં, તેણી પર અશોક પટેલ દ્વારા બળાત્કાર કરવામાં આવ્યો હતો. જેને તે હજુ પણ ભાઈ તરીકે ઓળખે છે. તેની પત્ની, રેણુકા તેની સાથે હતી. હવે હેમાને ગુલામી માટે એક વરિષ્ઠ વ્યક્તિને વેચી દેવાની હતી. ગુજરાત પોલીસે તેના માતાપિતા દ્વારા દાખલ કરાયેલી ફરિયાદની તાત્કાલિક તપાસ કરી હતી અને તેણીને બચાવી લેવામાં આવી હતી. અધિકારીઓ સામાન્ય રીતે આવા પગલાં લેતા નથી. હેમાના કિસ્સામાં, એક મહિલાની હાજરીએ તેમનું ધ્યાન ખેંચ્યું હતું. પોલીસે કથિત અપરાધીઓમાંથી છને શોધી કાઢ્યા છે, પરંતુ હેમા અને પ્રિયા સંભવતઃ ગરીબ, કહેવાતી નીચી જાતિના પછાત જાતિના પરિવારોની કિશોરીઓ પૈકી એક છે. આવી સગીર વયની કન્યાઓના ક્રૂર વેપારમાં તેઓને આ અત્યાચાર સહન કરવો પડે છે. હેમા તેના બેરોજગાર માતાપિતા સાથે રહેતી હતી. ૧૧ મેના રોજ સવારે અશોક અને રેણુકા પટેલ કથિત રીતે આ ઘરે પહોંચ્યા હતા. તેઓ હેમાના પિતરાઈ ભાઈને લીધે આ પરિવારને ઓળખતા હતા. તેમણે કહ્યું કે હેમા અમારી દીકરી જેવી જ છે. અમે તેના માટે સારા કપડાં ખરીદી આવીએ. બીજા દિવસે, તેઓ હેમા સાથે કારમાં પડોશના ગામમાં ગયા. ત્યાં તેઓ અશોક પટેલની બહેન હોવાનો દાવો કરતી પારુલને મળ્યા હતા. તેઓએ હેમા માટે કપડાં ખરીદ્યા અને સંબંધિત ડ્રાઈવરે તેના પિતાને ફોન કર્યો, અને તેઓએ કહ્યું કે તેઓ ત્યાં થોડો વધુ સમય વિતાવવા માંગે છે, અને તેઓ ટૂંક સમયમાં પાછા આવશે. હેમાના પિતા રમેશ સલાટ કહે છે કે, અશોક ભાઈએ કહ્યું કે તેઓ મારી ગેરહાજરીમાં પિતા જેવો જ ખયાલ રાખશે. તેઓ હેમાને કથિત રીતે મહેસાણામાં ખેતીની જમીનમાં એક ઝૂંપડીમાં લઈ ગયા હતા. અશોકે હેમાને એક રૂમમાં ગોંધી રાખી, તેને માર માર્યો અને તેના ઉપર વારંવાર બળાત્કાર કર્યો હતો. તેના ચિંતિત માતાપિતાએ ૧૩ મેના રોજ કણભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને વહેલી સવારે એફઆઈઆર નોંધવામાં આવી હતી. તે દિવસે કાર ચાલક અને પારુલને પકડી પાડવામાં આવ્યા હતા. અમે સાવધાનીપૂર્વક ઝૂંપડીઓ સુધી પહોંચ્યા અને સ્થળને ઘેરી લીધું હતું. અશોક સૂઈ રહ્યો હતો, પરંતુ જે ક્ષણે તેણે અમને જોયા, તે જ ક્ષણે હેમા પથારીમાંથી કૂદી પડી, અને જ્યાં સુધી અમે તેને તે રાત્રે તેના માતાપિતાને ન સોંપીએ ત્યાં સુધી તે અમારી પાસે જ રહી હતી. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની ઘણી સ્ત્રીઓ, તીવ્ર ગરીબી, અધિકારોની ઓછી જાગૃતિ અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિ, જાગૃતિ અને શિક્ષણના અભાવને કારણે, આ આદિવાસી પટ્ટો, દલિતો અને ઓબીસી ગુજરાત જેવા રાજ્યોમાં તસ્કરીનું આસાન લક્ષ્ય બની જાય છે. ટાટા ઈન્સ્ટિટ્યૂટના સેન્ટર ફોર ક્રિમિનોલોજી એન્ડ જસ્ટિસના પ્રો. વિજય રાઘવન કહે છે કે આવા નિર્બળ પરિવારોને લક્ષ્ય તરીકે પસંદ કરીને ઉચ્ચ જાતિના અપરાધીઓ વંચિત સામાજિક આર્થિક પૃષ્ઠભૂમિમાંથી આવી હેરફેર કરનારા એજન્ટોને પણ સાથે રાખે છે. દાખલા તરીકે, પારૂલને કમિશનનું વચન આપીને રભરતી કરવામાં આવી હતી. તેણીને છોકરીઓને પરિવહન કરવામાં મદદ કરવા માટે પૈસા મળે છે અને પટેલ સમુદાયના પુરૂષો સાથેર બહુવિધ લગ્નો માટે પણ પૈસા મળે છે અને આવા દરેક લગ્ન પછી તે ઘરેણાં અને પૈસા લૂંટીને ભાગી જતી હતી. આ તપાસ દરમ્યાન આવા ઘણા કેસ સામે આવ્યા હતા. વધુ પૂછપરછમાં અમને જાણવા મળ્યું કે અશોક મુખ્ય સૂત્રધાર હતો. ગુજરાતના એક વરિષ્ઠ પોલીસ અધિકારી કહે છે કે, પૂછપરછ પછી, ગુજરાત પોલીસને જાણવા મળ્યું કે પારૂલ અશોકની સહાયકર બની હતી એવી તેણે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી. આ કેસ સાથે અપહરણ સાથે સંકળાયેલી કન્યાઓની તસ્કરીના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. પછાત મહિલાઓને લગ્ન માટે પટેલ પુરૂષોને વેચી દેવાના અનેકર બનાવો વર્ષોથી બની રહ્યા છે. ગુજરાતના એક વરિષ્ઠ પોલીસ અધિકારી કહે છે કે રાજકીય ઈચ્છાશક્તિના અભાવે આ તસ્કરોને ખાતરી છે કે ગુમ થયેલી મહિલાઓના પરિવારોને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડશે. ૨૦૨૦ ના નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના ડેટા અનુસાર, ગુજરાતમાંથી ૪૧,૬૨૧ મહિલાઓ ગુમ થઈ છે, જેમાંથી ગુજરાત સરકારે એક ટ્વીટમાં સ્પષ્ટતા કરી છે કે તેમાંથી ૯૪.૯૦%ને શોધી કાઢવામાં આવી છે, પરંતુ કેટલી તસ્કરીની સંખ્યા કેટલી છે તે સ્પષ્ટ નથી. તપાસમાં જાણવા મળ્યું છે કે કૌટુંબિક વિવાદોને લીધે ભાગી જવું, પરીક્ષાઓમાં નિષ્ફળતાને કારણે પણ મહિલાઓ ગુમ થઈ જાય છે. જો કે, ગુમ થયેલા વ્યક્તિના કેસોની તપાસમાં જાતીય શોષણ, અંગોની હેરફેર વગેરેના કિસ્સાઓ સામે આવ્યા નથી. પોલીસે કહ્યું કે, તેમના ફોનમાંથી મળેલા ડેટા ઉપરથી અમને જાણવા મળ્યું કે અશોક અને રેણુકા હેમાના ઘરે પહોંચે તે પહેલાં જ તેને ચેહર સિંહ નામના વચેટિયાને વેચવાની યોજના ઘડવામાં આવી હતી. તેઓ પીડિતાના નામ બદલી નાખે છે અને સંભવિત પટેલ પુરૂષો દ્વારા છોકરીને સરળતાથી સ્વીકારીર શકાય તે માટે તેમને 'પટેલ' અટક રાખે છે. સિંહ અને ઠાકોર જેવી અટક બદલીને તેઓ રાજસ્થાનમાં દરબાર સમાજના પુરૂષોને વેચી દેતા હતા. આ બંનેર સમુદાયોમાં લિંગ ગુણોત્તરને કારણે મહિલાઓની ખૂબ માંગ



છે. ઉચ્ચ જાતિના પુરૂષો કન્યાની કિંમત ચૂકવવા તૈયાર હોય છે. વધુ તપાસમાં ગુજરાત પોલીસને જાણવા મળ્યું કે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુમ-વ્યક્તિની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને ૧૧ મહિના પહેલા એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. સિંઘના ફોનમાં પુરાવા પણ હતા, અને તેમની પોતાની તસ્કરીની કબૂલાત પણ હતી. ગુજરાત પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, જ્યારે અમે પ્રિયાને શોધી કાઢી, ત્યારે અમને જાણવા મળ્યું કે તેણીએ એક પટેલ વ્યક્તિ સાથે બીજી વખત લગ્ન કર્યા હતાં અને તેણીની સાથે ગુલામ જેવું વર્તન કરવામાં આવી રહ્યું હતું. પ્રિયાને પટેલ સમુદાયના ૪૦ વર્ષીય વ્યક્તિને રૂ.૩ લાખમાં વેચી દેવામાં આવી હતી. પ્રિયાને તેના પહેલા પતિ સાથે લગ્ન કર્યાના ત્રણ દિવસ પછી આ દંપતીએ તેના માતાપિતા હોવાનો ઢોંગ કરીને તેણીને તેના 'માઈકા' (માતૃસ્થાન)માં લઈ જવા માટે આવ્યું. ત્યાંથી, તેઓ તેણીને બીજા ઘરે લઈ ગયા અને તેણીને અન્ય પટેલ વ્યક્તિને? ૫ લાખમાં વેચી દીધી હતી. અશોક સામે ૨૦૧૭માં અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૬૩ (અપહરણ), ૩૬૬ (મહિલાને તેની મરજી વિરૂદ્ધ કોઈ પણ વ્યક્તિર સાથે લગ્ન કરવા દબાણ કરવાના ઈરાદા સાથે અપહરણ અથવા અપહરણના કૃત્યો, ગેરકાયદેસર સંભોગ માટે દબાણ), ૩૭૬ (જાતીય હુમલો), જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ પ્રથમ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ગુજરાતના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે હેમાના ગુમ થવાનો કેસ ૪૮ કલાકની અંદર ઉકેલાઈ ગયો હતો, ત્યારે મોટાભાગની યુવતીઓના ગુમ થયેલા કેસો ઉપર ભાગ્યે જ ધ્યાન આપવામાં આવે છે. કલોત્રા કહે છે કે ગુમ થયેલી છોકરીના કેસોની પૂરતી તપાસ થતી નથી.

# ગીર સોમનાથ જીલ્લામાં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન અંદાજીત ૧૨૦૦૦ બાળકો શાળા-આંગણવાડીમાં મેળવશે પ્રવેશ



## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તમામ જીલ્લાના વડાઓ સાથે યોજાઈ વીડિયો કોન્ફરન્સ

વેરાવળ, તા.૭

આગામી તારીખ ૧૨,૧૩ અને ૧૪ જૂન દરમ્યાન રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તમામ જિલ્લાના વડાઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. જે અન્વયે જિલ્લા સેવા સદન, ઈણાજ ખાતે કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં કલેક્ટરશ્રી એચ.કે.વઢવાણિયા, જિલ્લા વિકાસઅધિકારી રવિન્દ્ર ખતાલે તેમજ જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા સહિત જિલ્લાના વિવિધ વિભાગના શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમનું આયોજન સુનિયોજીત રીતે થાય તે માટે કલેક્ટરશ્રી એચ.કે.વઢવાણિયા તેમજ જિલ્લા વિકાસઅધિકારી રવિન્દ્ર ખતાલેના માર્ગદર્શન હેઠળ સુચારૂરૂપે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. કલેક્ટરે જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ સમયે સ્કૂલ ઓફ એક્સિલેન્સ, શાળા આરોગ્ય કાર્યક્રમ, બાળકોને પોષણ સહિતના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવશે. જેના માટે વિવિધ પદાધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીઓને રૂટની ફાળવણી કરવામાં આવશે.વધુમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એચ.કે.વાજાએ માહિતી આપતા જણાવ્યુ હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં આ વર્ષે અંદાજિત ૪૯૦થી વધુ બાળકો ધોરણ-૧માં શાળામાં પ્રવેશ મેળવશે તથા બાળવાટીકા અંતર્ગત ૧૧૪૫૦થી વધુ મળી કુલ આશરે ૧૨૦૦૦ બાળકો શાળા પ્રવેશોત્સવમાં સહભાગી બનશે. ગીર સોમનાથ જિલ્લામાં આ પ્રવેશોત્સવ ઉત્સાહ અને ઉમંગથી ઉજવાય તેમજ કન્યા કેળવણીને વધુ પ્રોત્સાહન મળે, ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેમજ બાળકો ઉત્સાહભેર શાળા પ્રવેશ કરે તે મુજબનું આયોજન હાથ ધરવામાં આવશે. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેનવાજા, અગ્રણી વિક્રમભાઈ પટાટ સહિત વિવિધ વિભાગના શીર્ષ અધિકારીઓની પણ ઉપસ્થિતી રહી હતી.

# વેરાવળથી ડાભોર જતા મુખ્ય માર્ગ ઉપર નેશનલ હાઇવેના બે સર્વિસ રોડ અતિબિસ્માર હોવાથી વાહન ચાલકોને અકસ્માતનું જોખમ

## પાલીકાની બાંધકામ સમિતિના ચેરમેનએ હાઈવે ઓથો.અને જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરી સર્વીસ રોડની પરિસ્થિતિ સુધારવા માંગ કરી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૭



વેરાવળથી ડાભોર તરફ જતા રસ્તા ઉપર આવતા નેશનલ હાઈવેમાં ફલાઈ ઓવર બ્રીજ બનાવવામાં આવેલ છે. જેની બંન્ને તરફના સર્વિસ રોડ અતિબિસમાર સ્થિતિમાં છે. જેના કારણે વાહન ચાલકોને ફરજીયાત રોંગ સાઈડમાંથી પસાર થવું પડી રહેલ હોવાથી સતત અકસ્માતનો ભય સતાવે છે. ત્યારે આ બાબતે પાલીકાના બાંધકામ સમિતિના ચેરમેનએ જિલ્લા કલેકટર અને હાઈવે ઓથોરિટીના અધિકારીને લેખિત રજુઆત કરી સર્વિસ રોડનો પ્રશ્ન સત્વરે હલ કરવા માંગ કરી છે. જેના પગલે નિમભર હાઈવે ઓથો. તંત્ર દોડતું થયુહોય તેમ સર્વિસ રોડની કામગીરી શરૂ કરી છે.

વેરાવળ પાલીકાના બાંધકામ સમિતિના ચેરમેન બાદલ હુંબલએ કરેલ લેખિત રજુઆતમાં જણાવેલ કે, વેરાવળથી ડાભોર તરફ જતા રસ્તા પર નેશનલ હાઈવેમાં ફલાઈ ઓવર આવેલ છે. જેની બંન્ને સાઈડ સર્વિસ રોડ આવેલ છે. જે સર્વિસ રોડ અતિ બિસ્માર હાલતમાં હોય સર્વિસ રોડની અતિબિસ્માર સ્થિતિના કારણે વાહન ચાલકો સર્વિસ રોડનો ઉપયોગ કરી શકતા નથી અને રોંગ સાઈડમાંથી મજબુરીવંશ પોતાના વાહનો કાઢી રહ્યા છે. જેના કારણે આ સ્થળે અનેકવાર નાના-મોટા અકસ્માતો થયેલ હોય જેમાં લોકોને જાનહાની પણ થયેલછે. ત્યારે આવા અકસ્માતો અટકાવવા જેને તાત્કાલીક ધોરણે બન્ને સાઈડના સર્વિસ રોડને તાત્કાલીક અસરથી બનાવવાનું સાથે હાઈવેને બેરીકેટ કરવાનું કામ સત્વરે કરાવવા માંગણી છે. અત્રે નોંધનીય છે કે, તાજેતરમાંજ આ પ્રશ્ને પાલીકાના ચેરમેન બાદલ હુંબલ, પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર સાથે જિલ્લા કલેકટરને રૂબરૂ મળી લોકોને પડી રહેલ મુશ્કેલીઓથી અવગત કરાવ્યા હતા. જેની અસર આવી હોય તેમ છેલ્લા બે દિવસથી નેશનલ હાઈવે ઓથોરીટી હરકતમાંઆવી હોય તેમ ફલાઈ ઓવરની બંન્ને સાઈડના સર્વિસ રોડની દશા સુધારવા કામગીરી હાથધરી છે. જેનાલીધે આગામી દિવસોમાં લોકોને રાહત મળતી થશે.

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રિલાયન્સ ફાઉન્ડેશને હરિયાળી આવતીકાલ માટે 'પ્લાન્ટ૪લાઇફ' અભિયાન શરૂ કર્યું






મુંબઈ, તા.૭

રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ગ્રીન કવર વધારવા અનેપૃથ્વીની સંભાળ રાખવા માટે એક સમુદાય-સંચાલિત પર્યાવરણ અભિયાન 'પ્લાન્ટ૪લાઈફ' ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શરૂ કરવામાં આવ્યું હતું.

આગામી કેટલાક મહિનાઓમાં 'પ્લાન્ટ૪લાઈફ' દ્વારા ઓછામાં ઓછા ૫૦,૦૦૦ સ્વયંસેવકોના સહયોગથી દેશભરમાં ૫૦૦,૦૦૦ રોપાઓ વાવવાની તૈયારી કરવામાં આવી છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણ અને સમુદાયની સહભાગિતાથી એક ઝુંબેશ તૈયાર કરવાનો છે. રિલાયન્સના સ્વયંસેવકોના સમુદાય દ્વારા 'વી કેર'ની ભાવનાને આત્મસાત કરવાથી અભિયાનનેમજબૂત વેગમળશે.

"વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે અમે આ પ્રસંગને એક વિશેષ અભિયાન સાથે ચિહ્નિત કરવા માગીએ છીએ, ભવિષ્યની પેઢીઓ માટે આપણી પૃથ્વીનુંરક્ષણ કરવા અને જાળવણી કરવા માટેની વ્યક્તિગત અને સામુદાયિક ઝુંબેશને વેગ આપવા માટે દેશભરના હજારો રિલાયન્સ સ્વયંસેવકોને એકસાથે લાવીશું," તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સીઈઓ જગન્નાથ કુમારે જણાવ્યું હતું. સોમવારે અભિયાનની શરૂઆત ૨૫ રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એક લાખથી વધુ રોપાઓ વાવવા સાથે થઈ હતી. પ્લાન્ટ૪લાઈફ અભિયાન હેઠળ રિલાયન્સના કર્મચારીઓ તેમના પોતાના છોડની સંભાળ રાખશે. આ ઝુંબેશ આગામી કેટલાક મહિનાઓ સુધી ચાલુ રહેશે, તેમાં સ્વયંસેવકો અને તેમના પરિવારો દ્વારા સીડબોલ્સ બનાવવાનો સમાવેશ થાય છે. કાદવ અને ખાતરથી બનેલા સીડબોલ્સ અંકુરિત થાય છે અને વરસાદ દરમિયાન વિખેરાઈ જાય ત્યારે છોડ વધવાનો માર્ગ આપે છે.

વિવિધ સ્થળો પર હાથ ધરાયેલી પ્રવૃત્તિઓમાં ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં મોટા પાયે મેન્ગ્રોવ પ્લાન્ટેશન અને રાજયના વન વિભાગના સહયોગથી ગુજરાતના કચ્છમાં મિયાવાકી જંગલના સહ-વિકાસનો સમાવેશ થાય છે. કચ્છમાં ઉનાળા દરમિયાન ઘાસચારાની ઉપલબ્ધતા વધારવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રિકલ્ચરલ રિસર્ચ દ્વારા ભલામણ કરાયેલા કેક્ટસના ચારાની જાતોનું વાવેતર કરવામાં આવશે.

વર્ષોથી રિલાયન્સે કુદરતી સંસાધન વ્યવસ્થાપન અને વૃક્ષારોપણ સહિતની વિવિધ પર્યાવરણ સંરક્ષણ પહેલોને સમર્થન આપ્યું છે. આજની તારીખે રિલાયન્સે સમગ્ર દેશમાં ૨.૩૯ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કર્યું છે. પ્લાન્ટ૪લાઈફ અભિયાનનો ઉદ્દેશ્ય કર્મચારીઓને પૃથ્વીનું જતન કરવા માટેના પ્રયાસોને આગળ વધારવા માટે એકત્ર કરવાનો છે અને ભારતના માનનીય વડાપ્રધાન દ્વારા પર્યાવરણના રક્ષણ અને જાળવણી માટે વ્યક્તિગત અને સામુદાયિક પગલાંને આગળ ધપાવવા માટેના જનઅભિયાન માટે શરૂ કરાયેલા લાઈફ કેમ્પેન મિશનને ઉત્તેજન પૂરૂ પાડે છે.

## રિલાયન્સ ફાઉન્ડેશને ઓડિશા ટ્રેન અકસ્માત પ્રભાવિતો માટે

# ૧૦ મુદ્દાના રાહતના પગલાંની જાહેરાત કરી, રાહત પ્રયાસોમાં મદદ કરવા માટે આપત્તિ વ્યવસ્થાપન ટીમ કાર્યરત



મુંબઈ, તા.૭

ઓડિશામાં દુઃખદ ટ્રેન દુર્ઘટનામાં પોતાના પ્રિયજનોને ગુમાવનાર પરિવારો પ્રત્યે અપાર દુઃખ અને આઘાતજનક સાથે રિલાયન્સ ફાઉન્ડેશન હુંમારી ઊંડી સંવેદના વ્યકત કરૂ છું. અકસ્માત વિશે જાણ થતાંની સાથે જ અમારી વિશેષ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમને તુરંત જ ઘટનાસ્થળ પર બચાવ કાર્યને સરળ બનાવવા માટે તૈનાત કરવામાં આવી હતી. અમારી ટીમ ઈજાગ્રસ્તોને ચોવીસ કલાક સહાય અને મદદ પૂરી પાડી રહી છે.

અમે દુર્ઘટનાને કારણે થતી વેદનાને પૂર્વવત્ કરી શકવાના નથી, પરંતુ અમે શોકગ્રસ્ત પરિવારોને તેમના જીવનનું પુનર્નિર્માણ કરવામાં અને તેમને ભવિષ્ય માટે તૈયાર કરવામાં મદદ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. આ અમારા ગંભીરતાપૂર્ણ મિશન સાથે, આ દુર્ભાગ્યપૂર્ણ ઘટનાથી પ્રભાવિત લોકોને અવિરત સહાય પહોંચાડવા માટે અમે ૧૦ મુદ્દાના કાર્યક્રમની જાહેરાત કરી રહ્યા છીએ. બહોળા રિલાયન્સ પરિવાર સાથેનું અમારું ફાઉન્ડેશનઆ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત સમુદાયો સાથે સાથે મજબૂત સ્તંભ બનીને થઈને ઊભું છે'', તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણીએ બીજી જૂને ઓડિશાના બાલાસોરમાં થયેલા ટ્રેન અકસ્માત બાદ એક નિવેદનમાં જણાવ્યું હતું.


અકસ્માત થયો ત્યારથી બાલાસોરમાં હાજર રિલાયન્સ ફાઉન્ડેશનની નિષ્ણાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમે ઈમરજન્સી સેક્શન, કલેક્ટર કચેરી, બાલાસોર અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ સાથે નજીકથી સંકલન કર્યું હતું. મુસાફરોને ઝડપથી કોચ ખાલી કરાવવામાં અને ઈજાગ્રસ્તોને ઈમરજન્સી વાહનોમાં લઈ જવામાં મદદ કરવી, અકસ્માતના સ્થળે તરત જ માસ્ક, ગ્લોવ્સ, ઓઆરએસ, બેડશીટ, લાઈટિંગ અને અન્ય જરૂરીયાતો રેસ્ક્યૂ માટે ઉપલબ્ધ કરાવવા, રિલાયન્સ ફાઉન્ડેશનના સ્વયંસેવકોએ કોચમાં ફસાયેલા મુસાફરોના બચાવ કાર્યમાં સામેલ થઈને ગેસ કટર સહિતની સામગ્રી ઉપલબ્ધ કરાવી હતી. બચાવ કાર્ય માટે નજીકના સમુદાયોના અન્ય સ્વયંસેવકોનેપણ એકત્રિત કર્યા હતા. બચાવકાર્ય વિનાવિક્ષેપ ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા, રિલાયન્સ ફાઉન્ડેશને આ વિસ્તારના યુવા સ્વયંસેવકોની સાથે રહીને તેમની સાથે નેટવર્ક સ્થાપ્યું છે જેથી આશરે ૧,૨૦૦ લોકો માટે ઝડપથી ભોજન તૈયાર કરી શકાય. ભોજનની જેને સૌથી વધુ જરુર છે તેવા રાહતકાર્યમાં જોડાયેલા કર્મીઓ, તેમજ અકસ્માતના સ્થળે પહોંચનારા અસરગ્રસ્તોના પરિવારોને ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો પણ પહોંચાડવાનું સુનિશ્ચિત કરાયું હતું.



આ ભારેખમ સ્કુલ બેગ ઉપાડી સ્કુલે જતા આપણા બાળકો પાસે આપણે બાળ મજુરી જ કરાવીએ છીએ ને !

# યોગ ફક્ત શારીરિક ક્રિયા નથી : પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

## કબીર જયંતીના પાવન દિને પૂજ્ય શ્રી શિવકૃપાનંદસ્વામીજીએ અષ્ટાંગ યોગની આધ્યાત્મિક સમજ આપી



કબીર જયંતી અને વટસાવિત્રી પૂર્ણિમાના પાવન દિને સમર્પણ આશ્રમ, મહુડીમાં હિમાલયના મહર્ષિ પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાક્ષાત્ સાંનિધ્યમાં દર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્ણિમાના ચન્દ્રની શીતળતામાં સાધકોએ પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં એક અલગ ઊર્જાનો અનુભવ કર્યો હતો. ગ્રીષ્મના તાપ વચ્ચે સવારમાં વર્ષાનું પણ જાણે ગુરુ સાંનિધ્યનો લાભ લેવા આગમન થયું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતની સાથે સાથે અન્ય રાજ્યોના સાધકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. શંખનાદ અને ધૂનના પાવન સુરો વચ્ચે પૂજ્ય ગુરુમા અને પૂજ્ય સ્વામીજીનું આગમન થયું.

કબીર જયંતીનો ઉલ્લેખ કરીને પૂજ્ય શ્રી સ્વામીજીએ જણાવ્યું કે કબીરજીએ "મુઝકો કહાં ઢૂંઢે રે બંદે, મૈં તો તેરે પાસ મેં" આ પંક્તિમાં એકદમ સ્પષ્ટ જણાવ્યું છે કે જેને આપણે બહાર શોધીએ છીએ તે ખરેખર આપણી અંદર છે. આ વાત જેટલી જલ્દી સમજાઈ જશે એટલી આધ્યાત્મિક પ્રગતિ જલ્દી થઈ શકશે. તેઓ જે માર્ગે ભીતર પહોંચ્યા તે માર્ગ તેઓએ લોકોને દેખાડ્યો છે. આ માર્ગ છે યોગમાર્ગ, જેના દ્વારા અંતર્મુખી થઈ શકાય છે. ભારત દેશના પ્રયત્નોથી યોગને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે, પરંતુ ખરા અર્થમાં યોગ શું છે, યોગનો ઉદ્દેશ શું છે તે જાણવાની જરૂર છે. ખરેખર સમગ્ર યોગનો પ્રચાર કરવાની આવશ્યકતા છે. મનુષ્ય જે પરમાત્માની ખોજ બહાર કરી રહ્યો છે તે બહાર નથી, ભીતર છે.ભીતર કઈ રીતે જઈ શકાય? યોગ દ્વારા. આત્માને પરમાત્મા સાથે જોડવું તે યોગ છે, તો પ્રશ્ન થાય કે આત્મા અને પરમાત્મા અલગ છે? ના, આત્મા અને પરમાત્મા અલગ નથી. જેમ ગંગા નદીનું શુદ્ધ પાણી બોટલમાં ભરવામાં આવે કે લોટામાં ભરવામાં આવે તે એક જ રહે છે. એ જ રીતે સ્ત્રી હોય કે પુરુષ હોય, તેનામાં રહેલો આત્મા એક જ છે. ફક્ત લિંગ ભેદનો ફેર હોય છે.પરમાત્માને શોધવા તીર્થયાત્રા કરવાની જરૂર નથી, એ તમારી ભીતર છે એ સમજાવવાનો પ્રયાસ કબીરજીએ કર્યો હતો. શોધવાના એને હોય કે જે બહાર હોય, પરમેશ્વર બહાર નથી, તમારી ભીતર છે, જેને મહેસૂસ કરવાનો છે. વ્યક્તિને આ આત્મા સતત માર્ગદર્શન આપે છે, પરંતુ જ્યાં સુધી તેનો અહેસાસ નહીં થાય ત્યાં સુધી માણસ તેની પાસેથી માર્ગદર્શન મેળવી શકશે નહીં. જેમ આપણે આપણો ચહેરો જોવા મિરરની આવશ્યકતા છે, એ જ રીતે જ્યાં સુધી જીવનમાં મિરરરૂપી ગુરુ નહીં આવે ત્યાં સુધી આત્માની અનુભૂતિ નહીં થાય. ભારતીય સંસ્કૃતિ એક જ એવી છે કે જેમાં પરમાત્માની જીવંત પરિકલ્પના છે - ગુરૂ સાક્ષાત્ પરબ્રહ્મ કહેવાય છે. શરીરધારી ક્યારેય પરમાત્મા નથી હોતા તો પરમાત્મા કોણ છે ? ખરેખર પરમાત્મા એ ગુરૂની અંદર વહી રહેલી શક્તિ છે.

૨૧ જૂન યોગ દિવસને લઈને પૂજ્ય સ્વામીજી અષ્ટાંગ યોગની આધ્યાત્મિક સમજૂતી આપી હતી. તેઓએ જણાવ્યું કે યોગ એ શારીરિક ક્રિયા નથી. યોગ અલગ છે, યોગાસન અલગ છે. દરેક સમસ્યાનો ઉકેલ યોગમાં છે. યોગ દ્વારા એક સકારાત્મક આભામંડળ બનશે, જેના દ્વારા એક સુરક્ષા કવચ પ્રાપ્ત થશે. ધ્યાન પ્રયત્ન દ્વારા કરવાની ચીજ નથી. શરીરભાવ ઓછો થવાથી આપોઆપ ધ્યાન લાગી જશે. પ્રવચન બાદ એમણે સાધકોના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. ભજનની સંગાથે પાદુકાનમનમાં સાધકોએ ભાગ લીધો હતો. પૂજ્ય સ્વામીજી અને પૂજ્ય ગુરૂમાનાં દર્શન કરી સાધકો ધન્ય બન્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે ગુરૂતત્ત્વ ટીમ અને ગુરૂકાર્યરત સાધકોએ જહેમત ઉઠાવી હતી.

